# જૈન શિક્ષાવલી



લેખક:

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

શ્રેણી પહેલી
૨

## પરમપદનાં સાધનો

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્‌ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦. પોસ્ટેજ ૧–૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

---

નોંધઃ–બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ બીજું

# પરમપદનાં સાધનો

卐

લેખક :


સાહિત્યવારિધિ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ



પ્રકાશક :

જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

મુંબઇ — ૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# પ્રકાશકનું નિવેદન

**જૈન** મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

**આ** પુસ્તકો દીર્ઘચિંતન-મનનનાં પરિણામે સુંદર શૈલીમાં લખાયેલાં છે, એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્યરત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઈ નગીનદાસ ( બેલગામવાળા ), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ-મુંબઈના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યા છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

**પ્રકાશક.**

# વિષયાનુક્રમ


૧ सा विद्या या विमुक्तये ।

૨ જ્ઞાન–વિજ્ઞાન કોને કહેવાય ?

૩ આત્મહીન આધુનિક વિજ્ઞાન

૪ પ્રદેશીપ્રતિબોધ યાને આત્મસિદ્ધિ

૫ કેટલાંક ભૂલ ભરેલાં મંતવ્યો

મહાત્મા દઢ પ્રહારી (કથા)

૬ સાધનવિચાર

૭ રાજારાણીનો સંવાદ

૮ એક સાધન

૯ બે સાધનો

૧૦ અંધપંગુ ન્યાય

૧૧ ત્રણ સાધનો યાને રત્નત્રયી

૧૨ અનેક સાધનો

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# પરમપદનાં સાધનો

१—सा विद्या या विमुक्तये ।

ભારતવર્ષના તત્ત્વચિંતકોએ એકી અવાજે ઉદ્‌ઘોષણા કરી છે કે 'सा विद्या या विमुक्तये—તે જ સાચી વિદ્યા છે કે જે માનવને વિશેષ મુક્તિ ભણી લઈ જાય.' કેદ-ખાનામાંથી છૂટવું કે રાજદ્વારી ગુલામીમાંથી મુક્ત થવું એ સામાન્ય મુક્તિ છે અને ચારગતિ તથા ચોરાશી લાખના ફેરામાંથી છૂટવું—મુક્ત થવું એ વિશેષ મુક્તિ છે. મોક્ષ, સિદ્ધિ, નિર્વાણ, નિશ્રેયસ્ અને પરમપદ એ તેના જ પર્યાયશબ્દો છે. અહીં વિચારવાનું એ છે કે આજની વિદ્યા, આજની કેળવણી, આજનું શિક્ષણ માનવને આવી વિશેષ મુક્તિ કે પરમપદ ભણી લઈ જાય છે ખરું ?

અમે આ શિક્ષણનો અભ્યાસક્રમ જોયો છે અને તેનાં પાઠ્યપુસ્તકોનું બારીકાઈથી અવલોકન કર્યું છે, પણ તેમાં આવી વિશેષ મુક્તિ કે પરમપદનો વિચાર કોઈ સ્થળે જોવામાં આવ્યો નથી. તેનું જ એ પરિણામ છે કે આજનો વિદ્યાર્થી વિમુક્તિનો અર્થ મોક્ષાદિ ન કરતાં આર્થિક શોષણમાંથી મુક્તિ, રાજદ્વારી મુક્તિ વગેરે કરે છે.

આ જોઈ આપણને સખેદ આશ્ચર્ય થાય છે, પણ જે

શિક્ષણમાંથી ધર્મને સદંતર બાકાત રાખવામાં આવ્યો હોય ત્યાં આ સિવાય બીજું પરિણામ શું આવી શકે ? ' ધર્મથી મતભેદ ઊભા થાય છે અને એ મતભેદથી આપણી એકતા તૂટે છે ' એ દલીલ આજે આગળ કરવામાં આવે છે, પણ ધર્મરહિત શિક્ષણ લેતાં આપણી માનવતા પરવારી જાય છે, એનો તો જરાયે વિચાર કરવામાં આવતો નથી. ' धर्मेन हीनाः पशुभिः समानाः ' એ સૂત્ર શું આંખો મીંચીને જ ઉચ્ચારવામાં આવ્યું છે કે તેના પ્રત્યે આ જાતની અવગણના થઈ રહી છે ?

આજના શિક્ષણશાસ્ત્રીઓએ સાયન્સ એટલે વિજ્ઞાનને કલ્યાણકારી માની, તેની શિક્ષણનાં કેન્દ્રસ્થાને પ્રતિષ્ઠા કરી છે, એ પણ એટલું જ ખેદજનક છે. આધુનિક સાયન્સ માટે ભારતવર્ષની પ્રચલિત ભાષાઓમાં વિજ્ઞાન શબ્દ વપરાવા લાગ્યો છે, એટલે અમારે પણ તેનો ઉપયોગ કરવો પડ્યો છે, પરંતુ તે અમે ખૂબ ખચકાતાં મને કરીએ છીએ, કારણ કે તેથી વિજ્ઞાન શબ્દના મૂળ અર્થની વિડંબના થઈ રહી છે, એમ અમારું માનવું છે.

## ૨–જ્ઞાન–વિજ્ઞાન કોને કહેવાય ?

ભારતવર્ષના તત્ત્વજ્ઞોએ માત્ર પેટ ભરનારી વિદ્યાને કે માત્ર વ્યવહારની સિદ્ધિ કરી શકે તેવી માહિતીઓને કદી પણ જ્ઞાન માન્યું નથી. એમણે તો પરમાર્થની સિદ્ધિ કરી શકે એવા આત્મજ્ઞાનને જ સાચું જ્ઞાન માન્યું છે અને એ જ્ઞાન જ્યારે વિશિષ્ટ કોટિનું બને, ત્યારે તેને

વિજ્ઞાન તરીકે સંબોધ્યું છે. શાસ્ત્રોમાં, સિદ્ધાંતોમાં, વ્યાખ્યાનોમાં, વિવેચનોમાં તેનો એ જ રીતે ઉપયોગ થયેલો જોઈ શકાય છે. પ્રસિદ્ધ જિનાગમ શ્રીભગવતીસૂત્રમાં ઉચ્ચારાયેલી નિમ્ન ગાથા તેના પ્રમાણરૂપ છે :

**सवणे णाणे विन्नाणे, पच्चक्खाणे य संजमे ।**
**अणण्हवे तवे चेव, वोदाणे अकिरिया सिद्धी ॥**

આ ગાથાનો માત્ર શબ્દાર્થ જાણવાથી તેનો મર્મ સમજાશે નહિ, એટલે અહીં તેનો વિશેષાર્થ સંબંધપૂર્વક પ્રકટ કરીએ છીએ.

એક વાર વિશ્વવંદ્ય શ્રી મહાવીર પ્રભુએ શ્રમણ અને બ્રાહ્મણના ગુણોનું વર્ણન કર્યું. તે સાંભળીને તેમના મુખ્ય શિષ્ય શ્રીગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો કે 'હે ભગવન્! આવા ગુણવાળા શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના –સેવા કરવાનું ફળ શું ?' ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે '**શ્રવણ**.' અર્થાત્ તેનાથી મહાપુરુષોનાં સુંદર વચનો સાંભળવાનાં મળે, એ એનું ફળ.

પુનઃ શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો કે 'એ વચન–શ્રવણનું ફળ શું ?' ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે '**જ્ઞાન**.' અર્થાત્ તેનાથી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વો જાણી શકાય, એ એનું ફળ.

આ ઉત્તર સાંભળીને શ્રી ગૌતમસ્વામીને ઘણો આનંદ

થયો, એટલે તેમણે વિશેષ પ્રશ્ન કર્યો કે 'હે ભગવન્! એ જ્ઞાનનું ફળ શું?' ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે '**વિજ્ઞાન.**' અર્થાત્ નવતત્ત્વોનાં જ્ઞાન વડે જીવ કે આત્માને વિશિષ્ટ રીતે ઓળખી શકાય છે અને તેથી સંસારનાં સુખ મિથ્યા ભાસે છે, એ એનું ફળ.

ગુરુ અગાધ જ્ઞાની હતા અને દરેક પ્રશ્નનો માર્મિક ઉત્તર આપી રહ્યા હતા, એટલે શિષ્યની જિજ્ઞાસા વિશેષ જાગૃત થાય એ સ્વાભાવિક છે. મતલબ કે આ ઉત્તર સાંભળી શ્રી ગૌતમસ્વામીએ વિશેષ પ્રશ્ન પૂછ્યો કે 'હે ભગવન્! એ વિજ્ઞાનનું ફળ શું? ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે '**પ્રત્યાખ્યાન.**' અર્થાત્ આત્માને વિશિષ્ટ રીતે ઓળખવાથી અને સંસારનાં સુખો મિથ્યા ભાસવાથી એ સુખોને છોડવાની વૃત્તિ ઉદ્ભવે છે અને તેથી વ્રત, નિયમ કે વિરતિની ધારણા કરી શકાય છે, એ એનું ફળ.

પરંતુ શ્રી ગૌતમસ્વામીની પ્રશ્નપરંપરા અહીં પૂરી થતી નથી. એ તો જાહ્નવીના પ્રવાહની જેમ આગળ વધ્યે જાય છે, એટલે નવો પ્રશ્ન ખડો થાય છે. 'હે ભગવન્! એ પ્રત્યાખ્યાનનું ફળ શું?' ત્યારે ભગવંત ઉત્તર આપે છે કે '**સંયમ.**' અર્થાત્ વ્રત, નિયમ કે વિરતિ વડે ઇંદ્રિયો અને મન પર કાબૂ મેળવી આત્માને હિંસાદિ પાપોથી નિવૃત્ત કરી શકાય છે, એ એનું ફળ.

આ ઉત્તરનાં અનુસંધાનમાં શ્રી ગૌતમસ્વામી પૂછે છે કે 'હે ભગવંત! એ સંયમનું ફળ શું?' ત્યારે

ભગવંત ઉત્તર આપે છે કે '**અનાસ્રવ.**' અર્થાત્ સંયમની ધારણાથી નવાં કર્મો આવતાં અટકી જાય એવો સંવર માર્ગ લાધે, એ એનું ફળ.

શ્રી ગૌતમસ્વામી પુનઃ પ્રશ્ન કરે છે કે 'હે ભગવન્! એ અનાસ્રવનું ફળ શું?' ત્યારે ભગવંત ઉત્તર આપે છે કે '**તપ.**' અર્થાત્ સંવર માર્ગમાં સ્થિર થવાય ત્યારે જ બાહ્ય અને આભ્યન્તર તપના વિવિધ પ્રકારો સાધી શકાય, એજ એનું ફળ.

શ્રી ગૌતમસ્વામી પુનઃ પ્રશ્ન કરે છે કે 'હે ભગવન્! એ તપનું ફળ શું?' ત્યારે ભગવંત ઉત્તર આપે છે કે '**કર્મનિર્જરા.**' જેમ એક તળાવમાં નવું પાણી આવતું બંધ થાય અને તેની અંદર રહેલાં પાણીને તાપ વગેરેથી બરાબર શોષી શકાય, તેમ સંવરથી નવાં કર્મ આવતાં બંધ થાય અને તપ વડે સત્તામાં રહેલાં બધાં કર્મોને ખેરવી શકાય, બધાં કર્મોનો નાશ થઈ શકે, એ જ એનું ફળ.

શ્રી ગૌતમસ્વામી પુનઃ પ્રશ્ન કરે છે કે 'હે ભગવન્! એ કર્મનાશનું ફળ શું?' ત્યારે ભગવંત ઉત્તર આપે છે કે '**અક્રિયા.**' અર્થાત્ લગભગ સર્વ કર્મોનો નાશ થતાં મન, વચન અને કાયાની સઘળી ક્રિયા સ્થગિત થઇ જાય છે કે જેને શૈલેશી અવસ્થા કહેવામાં આવે છે, એ એનું ફળ.

શ્રી ગૌતમસ્વામી પુનઃ પ્રશ્ન કરે છે કે 'હે ભગવન્!

એ અક્રિયાનું ફળ શું?' ત્યારે ભગવંત કહે છે કે 'સિદ્ધિ.' અર્થાત્ એ શૈલેશી અવસ્થા પામ્યા પછી સર્વથા કર્મરહિત બની આત્મા પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી લોકના અગ્ર ભાગે પહોંચી જાય છે અને ત્યાં આવેલી સિદ્ધિશિલામાં વિરાજિત થઈ મુક્તાત્મા કે સિદ્ધ ભગવંત તરીકે અનંતકાળ સુધી વિરાજે છે.

આ પરથી સમજી શકાશે કે જ્ઞાન–વિજ્ઞાન કોને કહેવાય અને તે મનુષ્યને મુક્તિ ભણી કેવી રીતે લઈ જાય છે. શું આજનું વિજ્ઞાન મનુષ્યને આ રીતે મુક્તિ ભણી લઈ જાય છે ખરું? જો એનો જવાબ નકારમાં હોય તો એને માટે થઈ રહેલો વિજ્ઞાન શબ્દનો પ્રયોગ સાર્થક શી રીતે સમજવો?

## ૩–આત્મહીન આધુનિક વિજ્ઞાન

આધુનિક વિજ્ઞાન જીવન (Life) નો વિશેષ અભ્યાસ કરવા માટે જીવનશાસ્ત્ર (Biology) નામની એક ખાસ શાખા સ્થાપિત કરે છે, પણ જીવનમાં જે ચૈતન્યની સ્ફુરણા જણાય છે, તેને જડની એક પ્રકારની પરિણતિ માને છે, એટલે જીવ કે આત્માનું અસ્તિત્વ સ્વીકારતું નથી. અલબત્ત, છેલ્લી સદીમાં પ્રો. આલ્બર્ટ આઇનસ્ટાઇન વગેરે કેટલાક વૈજ્ઞાનિકોએ આત્મનાં અસ્તિત્વની તરફેણ કરી છે, પણ તેની આધુનિક શિક્ષણપ્રણાલિકા પર હજી સુધી કોઈ અસર પડી નથી.

વિજ્ઞાને મનોરંજનનાં સાધનો આપ્યાં, ઝડપથી દોડતાં

વાહનોની ભેટ કરી અને ગમે તેવા પ્રબળ શત્રુને હરાવી શકાય એવા શસ્ત્રાસ્ત્રો નિર્માણ કર્યાં, પણ આત્માને ચોરી લીધો એટલે એની બધી મહેનત બરબાદ ગઈ, એમ અમે માનીએ છીએ. મનુષ્યને રૂડાંરૂપાળાં વસ્ત્રો પહેરાવવામાં આવે અને હીરામોતીનાં આભૂષણોથી શણગારવમાં આવે, પણ તેના દેહમાંથી પ્રાણ લઈ લેવામાં આવે તો એ રૂડાં-રૂપાળાં વસ્ત્રોનું કે હીરામોતીનાં આભૂષણોનું મહત્ત્વ શું ?

જ્યાં જીવ કે આત્મા જેવી કોઈ સ્વતંત્ર વસ્તુનો સ્વીકાર ન હોય ત્યાં પુણ્ય-પાપનો વિચાર આવે ક્યાંથી? અને મુક્તિ કે પરમપદ ભણી લઈ જવાનો પ્રયાસ થાય ક્યાંથી? એ સ્થિતિમાં ‘ આ ભવ મીઠો, પર ભવ કોણે દીઠો ? ’ એવી જ મનોદશા ઉત્પન્ન થાય અને આ ભવ મીઠો કરવા માટે અનેક જાતનાં પાપો, અનેક જાતની અનીતિઓ અને અનેક જાતના અન્યાયો કરવાની વૃત્તિ ઉદ્ભવે એ દેખીતું છે. એટલે અમે આત્મનાં સ્વતંત્ર અસ્તિત્વની પ્રતીતિ કરાવવા ઇચ્છીએ છીએ અને તે માટે ‘ પ્રદેશીપ્રતિબોધ ’ નામની એક કથા અહીં રજૂ કરીએ છીએ. અમને આશા છે કે તે આજના ભૌતિકવાદીઓની ભ્રમણાને જરૂર ભાંગશે.

## ૪–પ્રદેશીપ્રતિબોધ યાને આત્મસિદ્ધિ

જિનશાસન અર્હંતોથી પ્રવર્તે છે અને આચાર્યોની પરંપરા વડે અવિચ્છિન્ન પ્રચારપામે છે. તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરામાં થયેલા એક સમર્થ આચાર્યે શ્વેતમ્બિકા નગરીના નાસ્તિકશિરોમણિ પ્રદેશી

રાજાને કેવી રીતે પ્રતિબોધ પમાડ્યો? તેની આ હકીકત છે. શાંત, દાંત, મહા તપસ્વી અને ગુણનિધાન એવા એ આચાર્ય ભૂમંડલમાં શ્રી કેશીગણધરના નામથી સુવિખ્યાત હતા.

એક વાર તેઓ ભવ્યજનોને પ્રતિબોધ કરતાં શ્રાવસ્તી નગરીમાં પધાર્યા, ત્યારે સુગંધથી આકર્ષિત થયેલા ભ્રમરોની જેમ ઘણા લોકો તેમનો ઉપદેશ સાંભળવાને એકત્ર થયા. તેમાં કામ પ્રસંગે શ્રાવસ્તી આવેલો શ્વેતમ્બિકા નગરીનો મહામંત્રી ચિત્ર પણ સામેલ હતો. આચાર્યશ્રીની અમૃતતુલ્ય ધર્મદેશનાથી અનેક માણસો પ્રતિબોધ પામ્યા અને મહામંત્રી ચિત્રે પણ સમ્યક્ત્વમૂલ શ્રાવકોનાં બાર વ્રતો અંગીકાર કર્યાં. પછી વિદાય થતી વખતે તેણે આચાર્યશ્રીને એક વિનંતિ કરી કે 'હે ભગવન્! અમારો રાજા પ્રદેશી શૂરવીર અને ધીર હોવા છતાં નાસ્તિક છે અને આત્મા, પુણ્ય-પાપ કે ધર્મને માનતો નથી, માટે આપ એકવાર શ્વેતમ્બિકા પધારવાની કૃપા કરો. હું માનું છું કે આપના સમાગમથી તેના વિચારોનું પરિવર્તન થશે અને તે સંસાર-સાગર તરવામાં ઉત્તમ નૌકા સમાન ધર્મ પામશે.'

ઉત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે જેવી ક્ષેત્રસ્પર્શના. એટલે ક્ષેત્રસ્પર્શનાનો યોગ હશે તો એ તરફ આવીશું.

મહામંત્રી ચિત્રે શ્વેતમ્બિકા પહોંચીને નગરના ઉદ્યાનપાલકને બોલાવ્યો અને કહ્યું કે 'હે ભદ્ર! હવે પછી ઉદ્યાનમાં કોઈ ગુરુ મહારાજ પધારે તો પહેલી ખબર મને આપજે. હું તને રાજી કરીશ.'

કેટલાક વખત પછી ઉદ્યાનપાલકે આવીને મંત્રીશ્વરને વધામણી આપી કે 'હે બુદ્ધિનિધાન! ધીર, વીર, ઉદાર, અનુપમ, સમતાના સંગી, સદા ઉમંગી, નિર્ગ્રંથ અને નિરારંભી, ચાર જ્ઞાનના ધણી એવા શ્રીકેશી નામના ગણધર ભગવંત પોતાના શિષ્યપરિવાર સાથે આજે પ્રાતઃકાળમાં ઉદ્યાનને વિષે સમવસર્યા છે.'

આ વધામણી સાંભળીને અતિ પ્રસન્ન થયેલા મંત્રીશ્વરે તે ઉદ્યાનપાલકને યથેષ્ટ દાન આપી વિદાય કર્યો. પછી તે વિચાર કરવા લાગ્યો કે 'પાણીમાં પડેલાં તૈલબિંદુની જેમ નવીન સમાચાર જલદી પ્રસરે છે, એટલે આ સમાચાર કર્ણોપકર્ણ રાજાને જરુર પહોંચવાના. એ વખતે તે શું કરે? તે કહી શકાય નહિ. વખતે તેમનો તિરસ્કાર પણ કરે અને તેમને પોતાની હદ છોડી જવાનું ફરમાન પણ કરે. માટે હું જ તેને સમજાવીને ગુરુમહારાજ આગળ લઈ જાઉં અને તેમનો સત્સંગ કરાવું.' જે કાર્ય દીર્ઘ દૃષ્ટિ દોડાવીને કરવામાં આવે છે, તે પ્રાયઃ સફળ થાય છે.

મંત્રીશ્વર ચિત્ર પ્રદેશી રાજા પાસે ગયો અને કહેવા લાગ્યો કે 'હે દેવ! આજનો દિવસ ઘણો રળિયામણો છે, કારણ કે ઋતુરાજ વસંતની સવારી આવી પહોંચી છે અને તેના છડીદાર સમો વનનો વાયુ તાજાં ખીલેલાં પુષ્પોની સુગંધથી તરબોળ બનીને વહી રહ્યો છે. વળી નર્તકી સમી વનવેલીઓએ નવપલ્લવ ધારણ કર્યાં છે અને આમ્રશાખાઓ મંજરીથી શોભાયમાન બની છે, માટે ચાલો આપણે અશ્વક્રીડા કરીએ.'

પ્રદેશી રાજાને આ સૂચન પસંદ પડયું એટલે બંને અશ્વારૂઢ થઈને નગરની બહાર નીકળ્યા અને અનુક્રમે પેલા ઉદ્યાન આગળ આવી પહોંચ્યા કે જેની ભૂમિ શ્રીકેશી ગણધરનાં પુનિત પગલાંથી પાવન થઇ હતી. આ ઉદ્યાનની શોભા નિહાળવા રાજા તથા મંત્રીશ્વર પોતાના અશ્વ પરથી નીચે ઉતર્યા અને ફરતાં ફરતાં એક વિશાળ વૃક્ષની છાયામાં આવી ઊભા. ત્યાં આચાર્યશ્રીની ધર્મદેશનાનો ધ્વનિ રાજાના કર્ણપટલ પર અથડાયો, એટલે તેણે કહ્યું કે ' મંત્રીશ્વર! આવો સુંદર ધ્વની કોનો હશે ? '

જે વાણી સાતિશયા એટલે અતિશયથી યુક્ત હોય છે, તે મેઘની જેમ ગંભીર શબ્દવાળી અને પડઘા પાડનારી હોય છે, તેમ જ તેમાં માલકોશ વગેરે રાગનો ધ્વનિ હોય છે, એટલે આમ બનવું સહજ હતું.

ઉત્તરમાં મંત્રીશ્વરે કહ્યું કે ' મહારાજ ! આ ધ્વનિ આ દિશામાંથી આવી રહ્યો છે, એટલે એ તરફ થોડું ચાલતાં જ ખબર પડી જશે.'

રાજાએ એ સૂચનાનો સ્વીકાર કર્યો અને બંને ધ્વનિની દિશામાં આગળ વધ્યા, પણ તેમને વિશેષ ચાલવું પડયું નહિ. થોડું ચાલતાં જ દેશના દઇ રહેલા ધર્માચાર્ય તેમની નજરે પડયા, એટલે ઉકત ધ્વનિ તેમનો જ હતો, એ તરત સમજાઈ ગયું.

પ્રદેશી રાજાને ધર્મગુરુઓ માટે ખૂબ નફરત હતી અને તેઓ પોતાની પ્રજાને ધર્મનો ઉપદેશ આપે, એ તેને

જરાયે પસંદ ન હતું, એટલે તે આંખનાં ભવાં ઊંચા ચડાવીને બોલ્યો કે' મંત્રીશ્વર ! આને અહીંથી જલ્દી બહાર કાઢો, નહિ તો લોકોને તે ભરમાવી મારશે અને બિચારાઓની જીંદગી બરબાદ કરશે.'

એ તો રાજાની આજ્ઞા, એટલે તેનું ઉલ્લંઘન થાય નહિ, તેથી મંત્રીશ્વર ચિત્ર આગળ વધ્યો, પણ થોડું ચાલીને જ પાછો ફર્યો અને રાજાને કહેવા લાગ્યો કે 'હે દેવ ! આપણે આ આચાર્યને જો આવી રીતે કાઢી મૂકીશું તો એ અન્ય દેશમાં જઇને એમ કહેશે કે શ્વેતમ્બિકા નગરીનો રાજા મૂર્ખ છે, તે કંઈ પણ જાણતો નથી, એટલે વિદ્વાનો તથા ગુણીજનોનું અપમાન કરે છે, તેથી આપની અપકીર્તિ થશે.'

રાજાએ કહ્યું: 'તો આપણે શું કરવું ?'

મંત્રીશ્વર પાસે તેનો ઉત્તર તૈયાર જ હતો. તેણે કહ્યું: 'મહારાજ ! આપ ચતુર છો, વિદ્વાન છો અને વાદવિવાદ કરવામાં કુશળ છો, તેથી આ આચાર્યની સાથે વાદવિવાદ કરો અને તેને નિરુત્તર બનાવી દો. એટલે માનરહિત થવાથી તે પોતાની મેળે ચાલ્યો જશે. આ સૂચના રાજાને ગમી ગઇ, એટલે તે મંત્રીશ્વરની સાથે શ્રીકેશી ગણધર પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે 'હે આચાર્ય ! તું અહીં ક્યારે આવ્યો છે ?'

શિષ્ટાચાર તો એવો છે કે પ્રથમ ધર્મગુરુની સમીપે જઈ તેમને વિનયપૂર્વક વંદના કરવી જોઈએ અને પછી

વિવેક ભરી ભાષામાં તેમને પ્રશ્ન પૂછવો જોઈએ. પણ જ્યાં ધર્મ પ્રત્યે નફરત હોય, ધર્મગુરુઓ પ્રત્યે નફરત હોય, ત્યાં, શિષ્ટાચાર સચવાય શી રીતે? શ્રીકેશી ગણધર ક્ષમાદિ ગુણો વડે વિભૂષિત હતા, એટલે તેમણે એનો વિચાર ન કરતાં પોતાની સહજ સ્વભાવિક મૃદુતાથી કહ્યું કે 'હે રાજન્! હમણાં'

એ સાંભળી પ્રદેશી રાજાએ કહ્યું કે 'તું બડો પાખંડી જણાય છે અને ધૂર્તવિદ્યામાં પારંગત લાગે છે, અન્યથા આટલા બધા માણસોને અહીં એકત્ર શી રીતે કરી શકે? વળી તારું મુખ જોતાં એમ લાગે છે કે તું કોઇ રાજપુત્ર છે, એટલે તને હિતભાવે કહું છું કે તું આ બધાં ધતીંગો છોડી દઈ મારી સાથે ચાલ અને મારો માંડલિક બની ઋદ્ધિ-સિદ્ધિનો સ્વામી થા તથા દુનિયાના સર્વ સુખોનો ઉપયોગ કર. તારાં મનમાં કદાચ એમ હોય કે આવો વેશ રાખવાથી અને આ જાતની ક્રિયાઓ કરવાથી આત્માનો ઉદ્ધાર થશે, તો એ તારો ભ્રમ છે. આ જગતમાં આત્મા નામની કોઈ વસ્તુજ નથી, ત્યાં આત્માનો ઉદ્ધાર થાય શી રીતે? જ્યાં મૂળ ન હોય ત્યાં સ્કંધ કે શાખા-પ્રશાખાનો વિસ્તાર માનવો એ ખરેખર! મૂર્ખાઈની હદ છે.

હે આચાર્ય! આ જગત્માં આત્મા નામની કોઈ વસ્તુ નથી, એવા નિર્ણય પર હું શાથી આવ્યો? તે તેને એટલા માટે જણાવું છું કે જેથી તારો આત્મા વિષેનો સઘળો ભ્રમ ભાંગી જાય અને તું પુણ્ય-પાપ તથા સ્વર્ગ-નરકની ભાંજગડ કરતો અટકી જાય.

મારી માતા ખૂબ ધર્મ શ્રદ્ધાળુ હતી અને મારામાં ધર્મના સંસ્કારો પાડવા ઘણું ઘણું મથતી હતી, જ્યારે મારા પિતાશ્રીને ધર્મ પ્રત્યે જરાયે અનુરાગ ન હતો, એટલે તેઓ મને ધર્મથી બને તેટલો દૂર રાખવાનો પ્રયત્ન કરતા હતા. આમ છતાં બંનેમાં એક વાત સમાન હતી અને તે મારા પ્રત્યેની ચાહના. માતાપિતા બંને મને અંતરથી ચાહતા હતા અને મારું આંખ–માથું દુઃખે કે ઓછા ઓછા થઈ જતાં હતાં.

એવામાં મારી માતા બિમાર પડી અને છેલ્લા શ્વાસ લેવા લાગી, ત્યારે મેં કહ્યું કે 'હે માતા! તેં આખી જીંદગી તારી માન્યતા મુજબનું ધાર્મિક જીવન ગાળ્યું છે, એટલે તારો વાસ જરૂર સ્વર્ગમાં થવો જોઇએ. એ રીતે જો તું સ્વર્ગમાં વાસ કરે તો મને કહેવા આવજે કે એ સ્વર્ગ કેવું છે? જેથી મને પુણ્ય–પાપની પ્રતીતિ થાય અને હું પણ ધર્મનું આચરણ કરી શકું.'

પછી પિતાજીનો અંત સમય નજીક આવ્યો, ત્યારે તેમને કહ્યું કે 'હે પિતાજી! તમે આ જીવનમાં કહેવાતા ધર્મનું જરાયે આરાધન કર્યું નથી, એટલે તમારો વાસ નરકમાં થવો જોઈએ. જો એ રીતે તમે નરકમાં વાસ કરો તો જરૂર મને કહેવા આવજો કે એ નરક કેવું છે? જેથી મને પુણ્ય–પાપની પ્રતીતિ થાય અને પાપથી દૂર રહીને ધર્મનું આચરણ કરી શકું.'

હવે તે બંનેનાં મૃત્યુ પછી મેં તેમનાં આગમનની

ખૂબ રાહ જોઈ, પણ ન તો સ્વર્ગમાંથી માતા આવી કે ન તો નરકમાંથી પિતા આવ્યા. મારા પર અતિ સ્નેહ રાખનાર આ બંનેમાંથી કોઈ આવ્યું નહિ, એટલે મેં નિશ્ચય કર્યો કે સ્વર્ગ અને નરકની વાત જૂઠી છે.

એક વાર પ્રાણદંડની શિક્ષા પામેલા એક ચોરના શરીરના નાના નાના ટુકડા કરાવીને મેં જોયું કે તેમાં આત્મા ક્યાં રહેલો છે? પરંતુ તેમાંના કોઈ ટુકડામાં આત્મા મળ્યો નહિ, એટલે મેં નિશ્ચય કર્યો કે 'આત્મા નામની કોઇ વસ્તુ નથી.'

મારો આ નિશ્ચય વધારે પાકો કેમ થયો? તે પણ હું તને કહેવા ઈચ્છું છું. એક વાર મેં એક ચોરનું જીવતાં વજન કરાવ્યું અને ત્યાર બાદ મારીને વજન કરાવ્યું તો તેમાં કોઈ તફાવત જણાયો નહિ. જો આત્મા જેવી કોઇ વસ્તુ તેના દેહમાંથી ચાલી ગઈ હોય તો તેનું વજન થોડું ઓછું થાત, પરંતુ એવું કંઈ બન્યું નહિ, એટલે મારો નિશ્ચય પાકો થયો કે 'આત્મા નામની કોઇ વસ્તુ નથી.'

એ જ રીતે એક વાર એક ચોરને મેં વજ્રમય પેટીમાં પૂરાવ્યો હતો અને તે પેટી સજ્જડ બંધ કરાવી દીધી હતી. બાદ કેટલાક દિવસે તે પેટી ખોલી તો પેલો મૃત્યુ પામ્યો હતો અને તેનાં શરીરમાં કીડા પડી ગયા હતા. તે પેટીમાંથી જો આત્મા બહાર નીકળ્યો હોય તો કોઇ જગાથી તૂટે કે કાણું પડે, પણ એ બેમાંથી એક પણ વસ્તુ બની ન હતી, એટલે મારો નિશ્ચય પાકો થયો કે 'આત્મા જેવી કોઈ વસ્તુ નથી.'

મને કોઇ પૂછતું કે 'મરણથી એવું શું થાય છે કે જેના લીધે પ્રાણીઓ બોલવાની, ચાલવાની, ખાવાની, પીવાની વગેરે ક્રિયાઓ કરી શકતા નથી?' ત્યારે હું કહેતો કે પાંચ ભૂતના વિચિત્ર સંયોગથી બોલવા–ચાલવા વગેરેની શક્તિ ઉત્પન્ન થાય છે. આ શરીરમાં ચામડી વગેરે પૃથ્વી છે; આંસુ તથા મૂત્ર વગેરે જળ છે; જઠર વગેરે અગ્નિ છે; શ્વાસોચ્છ્વાસ વગેરે વાયુ છે અને ખાલી સ્થાન તે આકાશ છે. આ પાચ ભૂતના વિચિત્ર સંયોગરૂપ શરીર ખાવા–પીવા વગેરેથી પુષ્ટ થાય છે અને સ્વચ્છ વાયુ, સૂર્યનો તડકો, સારું સ્થાન વગેરેથી સુરક્ષિત રહે છે. તેનો ઉપયોગ ભૌતિક પદાર્થોને સારી રીતે ભોગવવા એજ છે. આ પાંચના સંયોગોમાં કંઇ ફેરફાર થાય છે, ત્યારે શરીર નરમ પડે છે અને જ્યારે કોઈનો પણ સંયોગ સર્વાંશે છૂટો પડે છે, ત્યારે બોલવા–ચાલવા વગેરેની શક્તિનો નાશ થાય છે. પછી તે નાશ શસ્ત્રની બાધાથી થાય, અપથ્ય વસ્તુના સેવનથી થાય કે બંધ સ્થાને ગોંધાઈ રહેવાથી થાય, એમ ગમે તે પ્રકારે થાય. જ્યારે આ શરીરમાંથી બોલવા–ચાલવા વગેરેનું સામર્થ્ય નાશ પામે છે; ત્યારે તે તદ્દન નકામું થઈ જાય છે, તેથી તેને બાળી નાખવામાં આવે છે, દાટી દેવામાં આવે છે કે કોઈ નદી યા સમુદ્રમાં પધરાવી દેવામાં આવે છે.

આ પ્રમાણે ઘણા પ્રયોગો કર્યા પછી અને તે પર પૂરતી વિચારણા કર્યા પછી મેં છેવટનો નિશ્ચય કર્યો છે

કે 'આ જગત્‌માં આત્મા નામની કોઈ વસ્તુ નથી.' માટે હે આચાર્ય ! તું મારો આજ્ઞાંકિત માંડલિક બનીને સંસારના સર્વ ભોગ ભોગવ તથા ધર્મ અને આત્માની આ વ્યર્થ કડાકૂટ છોડી દે.'

આ સાંભળી શ્રી કેશીગણધરે કહ્યું કે 'હે રાજન્‌! તારી વાત પરથી જણાય છે કે તેં આત્માનો નિર્ણય કરવા માટે પ્રયત્નો કર્યા છે, પરંતુ તે પ્રયત્નો જોઈએ તે પ્રકારના ન હતા. વધારે સ્પષ્ટ કહું તો એ પ્રયત્નો પાંગળા હતા, એટલે તેનું જે પરિણામ આવવું જોઈએ તે આવ્યું નહિ. જે વસ્તુનો જે સ્વભાવ હોય તેની તપાસ તે રીતે જ કરવી જોઈએ. દાખલા તરીકે પવન આંખ વડે જોઈ શકાતો નથી, તેથી કોઈ એમ કહે કે આ જગત્‌માં પવન જેવી કોઇ વસ્તુ નથી, તો એ કહેનારનું કથન વ્યાજબી માની શકાય નહિ. તે પ્રમાણે આત્મા અરૂપી હોવાથી નજરે દેખી શકાતો નથી, તેથી એમ કહેવું કે 'આત્મા નામની વસ્તુ નથી' એ તદ્દન ગેરવ્યાજબી છે. જેમ આંખ સિવાય સ્પર્શેન્દ્રિયના અનુભવથી પવન હોવાનું નક્કી કરી શકાય છે, તેમ મનથી અને અનુમાનથી આત્મા હોવાનું સિદ્ધ કરી શકાય છે.

હે રાજન્‌! તેં કહ્યું કે 'મારા પ્રત્યે અતિ સ્નેહ દર્શાવનાર માતાપિતા બેમાંથી કોઈ પણ મને કહેવા આવ્યું નહિ કે સ્વર્ગ આવું છે અને નરક આવું છે,' તેથી મેં નિશ્ચય કર્યો કે સ્વર્ગ અને નરકની વાત જૂઠી છે.' પરંતુ

તારો એ નિશ્ચય બરાબર કહેવાય નહિ, કારણ કે તેઓ ન આવવાનાં બીજાં અનેક કારણો હોઈ શકે છે. આ વાત તને દૃષ્ટાંત વડે સ્પષ્ટ સમજાશે.

માની લે કે કોઈ વાર તું પ્રવાસે નીકળ્યો અને રસ્તામાં એક દરદ્રી મનુષ્યનો સમાગમ થયો. હવે એ સમાગમ દરમિયાન તારો એની સાથે સ્નેહ બંધાતાં તેં એને એવું જણાવ્યું કે 'હું એક રાજા છું ને અખૂટ સંપત્તિનો સ્વામી છું, માટે મારા નગરમાં આવીશ તો હું તને સુખી કરીશ.' હવે તું પ્રવાસમાંથી પાછો ફર્યો અને તારા રાજકારોબારમાં ગુંથાઈ ગયો. તેટલામાં પેલો દરિદ્રી તારા નગરમાં આવ્યો. હવે તું એને મળતો નથી, તેથી પેલો દરિદ્રી પુરુષ વિચાર કરે છે કે 'મને તે દિવસે જે મનુષ્ય મળ્યો હતો, તે ખરેખર રાજા ન હતો કે અખૂટ સંપત્તિનો સ્વામી ન હતો, કારણ કે તે જો એવો જ હોય તો શા માટે મને મળતો નથી અને સુખી કરતો નથી?'

હે રાજન્! તે દરિદ્રી પુરુષનો આવો વિચાર વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઇને અનુચિત અને અયોગ્ય છે, તેજ રીતે તારી માતા સ્વર્ગથી કહેવા ન આવી માટે સ્વર્ગ જ નથી એમ માનવું એ વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઈને અનુચિત અને અયોગ્ય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે સુંદર સ્વર્ગના દિવ્ય પ્રેમમાં આસક્ત, વિષયોમાં લીન, પોતાનાં કાર્યોમાંથી જ નહિ પરવારેલા, કાંઇ ને કાંઈ કાર્ય કરવાવાળા દેવો મનુષ્યલોકમાં આવતા નથી. વળી મનુષ્યલોકમાં

દુર્ગંધ પુષ્કળ છે અને તે પુદ્ગલોથી વાસિત થઇને ચારસો-પાંચસો યોજન ઊંચે પહોંચે છે. તેથી પણ દેવો આ મનુષ્યલોકમાં આવવાનું પસંદ કરતા નથી.

અહીં એટલી સ્પષ્ટતા કરવાની જરર છે કે તીર્થંકરોના ચ્યવન-જન્મ-દીક્ષા-જ્ઞાન-નિર્વાણ વગેરે પ્રસંગે તેમનાં અલૌકિક પુણ્યથી કે કોઇ ભાગ્યશાળી આત્માના યોગ્ય આરાધનથી દેવો મનુષ્યલોકમાં આવે છે, પણ એવા ખાસ પ્રયોજન વિના આવતા નથી, માટે દેવસુખમાં આસક્ત થયેલ તારી માતા યોગ્ય આરાધનાના અભાવે તેમજ તારાં અલ્પ પુણ્યનાં કારણે તને કહેવા માટે ન આવી હોય તે પણ બનવા જોગ છે, તેથી સ્વર્ગ નથી એમ માનવું ખોટું છે. હે રાજન્! સ્વર્ગ અવશ્ય છે અને તે પુણ્ય કરવાથી પ્રાપ્ત થાય છે.

હવે તારા પિતા નરકમાંથી ન આવ્યા, તેનો પણ વિચાર કરીએ. માની લે કે તારાં રાજ્યમાં એક શેઠ છે. તે કુટુંબ પરિવારનું સારી રીતે પાલન કરે છે અને પ્રમાણમાં સુખી છે, પરંતુ વ્યસનને પરાધીન હોવાથી ચોરી કરે છે અને સિપાઇઓના હાથમાં સપડાય છે. તે વખતે સિપાઇઓ તેને દોરડાથી બાંધે છે અને તારી આગળ લાવવાની તૈયારી કરે છે. તે વખતે તેના કુટુંબીઓ કહે છે કે 'તમે તરત પાછા આવજો અને અમારું પાલનપોષણ કરજો.' પરંતુ એ શેઠ તારી પાસે ગુનેગાર તરીકે હાજર થયે તું એને જીવનભરની જેલ આપે છે, તેથી પેલો શેઠ પાછો ફરતો નથી.

તે જ રીતે તારો પિતા તારા પ્રત્યે ઘણો પ્રેમવાળો હોવા છતાં કર્મરાજાનો ગુનેગાર બનીને જીવનભર નરકની યાતના ભોગવતો હોય અને તે કારણે મનુષ્યલોકમાં આવીને તને કંઈ કહી શકે નહિ, તો શું એમ માની શકાય ખરું કે નરક જેવી કોઈ વસ્તુ જ નથી ?

શાસ્ત્રોમાં કહ્યું છે કે 'નરકમાં ઉત્પન્ન થનાર આત્માઓ ઠંડી, ગરમી, ભૂખ, તરશ, રોગી શરીર, પરતંત્રતા વૃદ્ધાવસ્થા, દાહ, ભય અને શોક એમ દસ પ્રકારની વેદના ભોગવે છે. આવી વેદના ભોગવતો તારો પિતા આ મનુષ્યલોકમાં આવીને કહી ન શકે માટે નરક નથી, એમ માનવું એ અનુચિત અને અયોગ્ય છે.

પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી, માંસનું ભક્ષણ કરવાથી, વ્યભિચાર વગેરે બૂરાં કામો કરવાથી, તેમજ મહા આરંભ અને મહા પરિગ્રહમાં આસક્ત થવાથી પ્રાણીઓ નરકમાં ઉત્પન્ન થાય છે અને ઉપર જણાવી તેવી અકથ્ય વેદનાઓ અનુભવે છે. આ કારણથી જ બુદ્ધિમાન પુરુષોએ નિર્ણય કર્યો છે કે 'दुःखं पापात् सुखं धर्मात्–દુઃખ પાપવડે થાય છે અને સુખ ધર્મ વડે–પુણ્ય વડે થાય છે.' આ રીતે પાપ અને પુણ્ય સિદ્ધ હોવાથી તેને કરનારો તથા તેનાં ફળ ભોગવનારો અને તેમાંથી છૂટનારો આત્મા પણ સિદ્ધ જ છે.

હે રાજન્ ! અરણીનાં લાકડામાં અગ્નિ હોય છે, એ વાત જગપ્રસિદ્ધ છે, પરંતુ તે ક્યાં રહેલો છે ? તે જોવા માટે એ લાકડાના નાના નાના ટુકડા કરવામાં આવે અને

પછી તપાસવામાં આવે તો શું એ અગ્નિ દેખાશે ખરો? હવે તે રીતે અગ્નિ ન દેખાય તો શું એમ કહી શકાય ખરું કે અરણીનાં લાકડામાં અગ્નિ નામની કોઈ વસ્તુ નથી? જો કોઈ મનુષ્ય આવું કથન કરે તો એ સર્વથા અયોગ્ય અને અવિશ્વસનીય જ ઠરે. તેમ જીવંત દેહના ટુકડા કરવા અને તે ટુકડાને તપાસતાં આત્મા ન જણાય તો એમ કહેવું કે 'તેમાં આત્મા નામની કોઇ વસ્તુ નથી,' એ કથન પણ અયોગ્ય અને અવિશ્વસનીય જ ગણાય.

હે રાજન્! હર્ષ, શોક, ભય, આનંદ, સુખ, દુઃખ વગેરે જેમ અનુભવી શકાય છે, પણ નરી આંખે જોઇ શકાતાં નથી, તેમ આત્મા પણ અનુભવી શકાય છે, પરંતુ નરી આંખે જોઈ શકાતો નથી.

હે રાજન્! જીવંત શરીરના ટુકડા કરવા અને તે ટુકડામાં આત્માને નિહાળવાનો પ્રયાસ કરવો, એ આત્મ-દર્શનનો સાચો ઉપાય નથી. તાત્પર્ય કે જ્ઞાની પુરુષોએ જપ, તપ, ધ્યાન વગેરે જે વિશિષ્ટ ઉપાયો બતાવ્યા છે, તેના દ્વારા જ સાચું આત્મદર્શન થઈ શકે છે.

હે રાજન્! રબરની બે કોથળી આપણી સામે પડેલી હોય, તેમાં એક ખાલી હોય અને બીજી પવનથી ભરેલી હોય અને તેનું વજન કરતાં બંને સમાન લાગે તો એમ કહી શકાય ખરું કે બીજી કોથળીમાં પવન જ નથી? આમ કહેવું એ વાસ્તવિકતાથી વિરુદ્ધ હોઇને અપ્રામાણિક છે.

હે રાજન્! વજન કે ગુરુત્વ એ પુદ્ગલ એટલે

જડનો ધર્મ છે અને તે વ્યક્ત થવા માટે સ્પર્શની અપેક્ષા રહે છે. એટલે કે જ્યાં સુધી એક વસ્તુનો સ્પર્શ થાય નહિ કે તેને કોઇ પણ રીતે પકડી શકાય નહિ, ત્યાં સુધી તેનું વજન થઇ શકતું નથી. અને તે જ કારણે પવન અને પ્રકાશ જેવા પદાર્થો અમુક વજનવાળા હોવા છતાં અવ્યક્ત સ્પર્શનાં કારણે તેમનું યથાર્થ વજન થઈ શકતું નથી, તો પછી જે પદાર્થ પુદ્ગલથી સર્વથા ભિન્ન છે અને જેનો સ્પર્શજ થઈ શકતો નથી કે જેને કોઇ પણ રીતે પકડી શકાતો નથી, તેનું વજન કેવી રીતે થઈ શકે? તાત્પર્ય કે વજનદ્વારા આત્માની પ્રતીતિ કરવાનો પ્રયત્ન કરવો એ રીત ભૂલ ભરેલી હોઈ તેમાં સફળતા મળવાનો સંભવ નથી.

હે રાજન્! ચારે બાજુથી બંધ હોય અને જેમાં પવન પણ પેસી શકે તેમ ન હોય, તેવી મોટી પેટીમાં પેસીને જો કોઈ જોરથી શંખ વગાડે તો તેનો શબ્દ બહાર સંભળાય છે, છતાં તે પેટી તૂટતી નથી કે તેમાં કાણું પડતું નથી. તો શું એમ કહી શકાય ખરું કે તે પેટીમાં શંખ વાગ્યો જ નથી? તે જ રીતે પેટીમાં પૂરાયેલા દેહમાંથી આત્મા ચાલ્યો ગયો હોય અને તે પેટી તૂટી ગઈ ન હોય કે તેમાં કાણું પડ્યું ન હોય, તો શું એમ કહી શકાય ખરું કે તેમાં આત્મા હતો જ નહિ અને તે બહાર નીકળ્યો નથી?

હે રાજન્! પ્રકાશનાં કિરણો કાચની પેટીમાં માર્ગ-

દ્વાર કે છિદ્ર ન હોવા છતાં તેમાંથી આવ-જા કરી શકે છે. વળી ધ્વનિ પણ ભીંતો, વૃક્ષો તથા પહાડ વગેરે ભેદીને લોકના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચી જાય છે, તો અરૂપી આત્મા ગમે તેવી વસ્તુઓને વીંધીને આરપાર નીકળી જાય તેમાં આશ્ચર્ય શું ?

હે રાજન્! તેં એમ જણાવ્યું 'કે પંચ ભૂતના મળવાથી બોલવા-ચાલવા-ખાવા-પીવા વગેરેની શક્તિ ઉત્પન્ન થાય છે અને જગત્‌ના સર્વ વ્યવહારો ચાલે છે, માટે આત્મા માનવાની જરૂર નથી,' તે પણ યોગ્ય નથી, કારણ કે પંચભૂતના સંયોગ માત્રથી જ બોલવા-ચાલવા વગેરેનો વ્યવહાર થતો હોય તો યંત્રનાં પૈડાંની માફક તે હાલ હાલ જ કરે ( કે ગ્રામોફોનની ચૂડી માફક તે બોલ બોલ જ કરે ) પરંતુ અમુક વખતે જ ચાલવું ને અમુક રીતે જ ચાલવું, અમુક વખતે જ બોલવું ને અમુક રીતે જ બોલવું, અમુક કાળે જ ખાવું ને અમુક રીતે જ ખાવું તથા અમુક કાળે જ પીવું ને અમુક રીતે જ પીવું વગેરે વ્યવસ્થિત વ્યવહાર સંભવે નહિ. એટલે વ્યવસ્થિત વ્યવહાર માટે પંચભૂતની શક્તિ ઉપરાંત સચેતન નિયંતાની જરૂર પડે છે અને તે જ આત્મા છે.

હે રાજન્! આ રીતે આત્મા સિદ્ધ છે, એટલે જ તેના ઉદ્ધાર માટે, તેનાં કલ્યાણ માટે હું ધર્મનું આરાધન કરું છું. પરમપદ પામવા માટે એના સિવાય અન્ય કોઈ માર્ગ નથી, અન્ય કોઈ ઉપાય નથી, અન્ય કોઇ સાધન

નથી. એ મંગલમય માર્ગનું શરણ સ્વીકારીને તું મળેલા માનવભવની સાર્થકતા કર. '

શ્રી કેશીગણધરનાં આ વચનોએ પ્રદેશી રાજાના અંતરમાં વ્યાપેલા મિથ્યાત્વ ( અજ્ઞાન )ના ગાઢ અંધકારને ભેદી નાખ્યો અને સમ્યકત્વના સાચા સૂર્યને પ્રકાશિત કર્યો. એ પ્રકાશમાં તેને આત્મા દેખાયો, પાપ–પુણ્ય દેખાયાં અને તેને ભોગવવાનાં સ્થળરૂપ સ્વર્ગ અને નરક પણ દેખાયાં. પછી તેણે વિનયથી હાથ જોડીને કહ્યું : ' હે ભગવંત ! માંત્રિકના મંત્રથી જેમ પિશાચ ચાલ્યો જાય છે, તેમ આપના ઉપદેશથી મારાં હૃદયમાં રહેલો મોહ–પિશાચ ચાલ્યો ગયો. છે. હે મહર્ષિ ! સૂર્યનો ઉદય થતાં જેમ અંધકાર ચાલ્યો જાય છે, તેમ આપની દેશનાથી મારાં અંતરમાં વ્યાપેલું અજ્ઞાન ચાલ્યું ગયું છે. હે કૃપાનિધાન ! આપનાં વચનો સાંભળીને મારી ખાતરી થઈ છે કે આ જગત્માં જિનેશ્વર ભગવંતોએ કહેલો ધર્મ શ્રેષ્ઠ છે, તેથી હું તેનો સ્વીકાર કરવાને ઈચ્છું છું.' અને પ્રદેશી રાજાએ સમ્યકત્વમૂલ શ્રાવકનો ધર્મ ગ્રહણ કર્યો તથા તેનું વિધિપૂર્વક આરાધન કરીને તે મૃત્યુબાદ સૂર્યાભ નામે દેવ થયો.'

## ૫–કેટલાંક ભૂલભરેલાં મંતવ્યો

કેટલાક આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે, પણ તેના વિષે એવાં મંતવ્યો ધરાવે છે કે જેના લીધે મુક્તિ કે

પરમપદની પ્રાપ્તિ માટે ઉત્સાહ પ્રકટી શકે નહિ, એટલે અહીં તેનું નિરસન કરવું યોગ્ય માન્યું છે.

એક મત એમ માને છે કે 'यत् सत् तत् क्षणिकम्' જે સત્ છે, તે ક્ષણિક છે; અને આત્મા સત્ છે, એટલે તે પણ ક્ષણિક છે. એની સાબીતીમાં તે જણાવે છે કે 'આત્મા ક્ષણે ક્ષણે જુદાં જ્ઞાનરૂપે જણાય છે. જો તે ક્ષણિક ન હોય તો આવું કેમ બને?' પરંતુ આ માન્યતા ભ્રમપૂર્ણ છે. પ્રથમ તો તેણે સત્‌ની જે વ્યાખ્યા કરી છે, તે જ ઠીક નથી. સત્ માત્ર ક્ષણિક નથી, પણ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે, એટલે કે તેમાં ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવપણું એ ત્રણે સ્થિતિ જોવામાં આવે છે. દાખલા તરીકે સોનાની વીંટીઓ ભંગાવીને કોઈએ કુંડલ કરાવ્યાં તો એમાં કુંડલરૂપ પર્યાયની ઉત્પત્તિ થઈ, વીંટીરૂપ પર્યાયનો વિનાશ થયો અને તેમાં જે સોનું હતું તે ધ્રુવ એટલે કાયમ રહ્યું. એ કુંડલ ભાંગીને કંકણરૂપ પર્યાયની ઉત્પત્તિ થાય, કુંડલરૂપ પર્યાયનો વિનાશ થાય અને તેમાં દ્રવ્યરૂપ સોનું કાયમ રહે. તે જ રીતે આત્મા ક્ષણે ક્ષણે જુદા જ્ઞાનપર્યાયવાળો ભલે જણાય પણ તેનું જે ચેતનમય મૂળ સ્વરૂપ છે, એ કાયમ રહે છે; માટે તે એકાંતે ક્ષણિક નથી.

જો આત્માને ક્ષણિક માનીએ તો દોષ કરે એક આત્મા અને તેનું ફળ ભોગવે બીજો આત્મા, એવી સ્થિતિ ઉત્પન્ન થાય. વળી વર્તમાન કાલે આત્માને સુખદુઃખનું જે સંવેદન થાય છે, તે શેના લીધે થાય છે? તેનો સ્પષ્ટ

ખુલાસો થઈ શકે નહિ. જો કર્મ કર્યા વગર જ સુખ–દુઃખનું સંવેદન થતું હોય તો કાર્ય–કારણનો સર્વમાન્ય સિદ્ધાંત તૂટે અને કર્મ કર્યાથી આ પરિણામ આવે છે, એમ માનવામાં આવે તો કર્મ કરતી વખતે આ જ આત્મા હાજર હતો એમ માનવું પડે. વળી આત્મા ક્ષણિક હોય તો ભવચક્ર કે ભવપરંપરા કોની ? એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય, એટલે કે તેને ભવપરંપરા ઘટી શકે નહિ. જ્યાં ભવપરંપરાની ભીતિ ન હોય ત્યાં મુક્તિ કે પરમપદ પામવાનો પ્રયાસ શા માટે કરવો ? એ પ્રશ્ન પણ અવશ્ય ખડો થાય, એટલે તેને માટે પુરુષાર્થ કરવાનો ઉત્સાહ પ્રકટે નહિ. તેથી આત્માને નિત્ય માનવો, એ જ યુક્તિસંગત છે.

એક મત એવો છે કે જે આત્માને નિત્ય માને છે, પણ તેને કર્મનો કર્તા માનતો નથી. આનું કારણ દર્શાવતાં તે એમ કહે છે કે 'આત્મા તો અસંગ છે, તેને કર્મ સ્પર્શી શકે નહિ. અહીં એવો પ્રશ્ન થાય થાય કે 'જો આત્મા અસંગ છે, તો આ બધી પ્રવૃત્તિ કોણ કરે છે? તેને સુખ–દુઃખનો અનુભવ શાથી થાય છે ? અને તે સ્વર્ગ કે નરકમાં કેમ જાય છે ?' એના ઉત્તરમાં તે જણાવે છે કે–

ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ।
अज्ञो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ॥

ઈશ્વરની પ્રેરણાથી જીવ–આત્મા સ્વર્ગમાં અથવા નરકમાં જાય છે. જીવ પોતે તો મહાન હોવાથી પોતાનાં સુખ–દુઃખ સર્જવામાં સમર્થ નથી.

આ માન્યતા આધ્યાત્મિક વિકાસ માટે કેવી ખતરનાક છે, તે આપણે ક્રમશઃ જોઈએ.

પ્રથમ તો તે આત્માને જેવો અસંગ માને છે, તેવો એ અસંગ નથી. એ સ્વભાવે અસંગ છે અને પરભાવે સંગવાળો છે. જો તે માત્ર અસંગ જ હોત તો તેને આત્મ-પ્રતીતિ પહેલેથી જ થતી હોત, પણ તેમ થતું નથી. એને તો અનેક પ્રકારની શંકાઓ અને તર્કવિતર્ક થયા કરે છે, એટલે તે પરભાવે સંગવાળો સાબીત થાય છે. વળી ઇશ્વરને કર્મનો પ્રેરક માનવો એ પણ યોગ્ય નથી, કારણકે જે ઇશ્વર સ્વભાવે શુદ્ધ છે, તે અશુદ્ધ એવા કર્મના પ્રેરક કેમ હોઈ શકે ? વળી સુખ અને દુઃખ ઈશ્વરની પ્રેરણાથી જ પ્રાપ્ત થતાં હોય તો સર્વને નિતાન્ત સુખ શા માટે નહિ ? કોઈને દુઃખ આપવાનું પ્રયોજન શું ? અહીં જો એમ કહેવામાં આવે કે એ તો ઈશ્વરની મરજીની વાત છે, તો ઇશ્વર અન્યાયી, તરંગી કે ગાંડા જ ઠરે કે જે કોઇ જાતના કારણ વિના સુખ–દુઃખની પ્રેરણા કરી રહ્યા છે. અને જો એમ કહેવામાં આવે કે તે પ્રાણીઓને અમુક કારણસર સુખની પ્રેરણા કરે છે અને અમુક કારણસર દુઃખની પ્રેરણા કરે છે, તો એ અમુક કારણ શું ? એ જાણવાની જરૂર રહે છે. એ કારણને જો કર્મ કહેવામાં આવે–કહેવું જ પડે–તો ઈશ્વર પણ બધા પ્રાણીઓને તેમનાં કર્મ અનુસાર સુખ–દુઃખની પ્રેરણા કરે છે એમ માનવું પડે, એટલે આત્મા જ કર્મનો કર્તા ઠરે. આથી આત્માને જ પુણ્યપાપનો સારાં ખોટાં કર્મનો કર્તા માનવો ઉચિત છે.

અહીં અમને થોડા વર્ષ પહેલાં મધ્ય ભારતના એક ગામમાં બનેલો કિસ્સો યાદ આવે છે. એક માણસે રાતો રાત પોતાનાં સર્વ કુટુંબીજનોનાં ખૂન કરી નાખ્યા. પોલીસે તેની ધરપકડ કરી અને ન્યાયમૂર્તિ સમક્ષ રજૂ કર્યો. એ વખતે પેલા માણસે કહ્યું કે 'આ કાર્ય મેં કર્યું નથી, પણ ઈશ્વરે મારી પાસે કરાવ્યું છે. તેણે મને એવી પ્રેરણા કરી કે તારા કુટુંબની સર્વ વ્યક્તિઓ દુષ્ટ છે, માટે તેનો સંહાર કરી નાખ. દુષ્ટનો સંહાર કરવો એ સત્પુરુષનું કર્તવ્ય છે. અને મેં આ કુટુંબીજનોનો સંહાર કર્યો છે.' ન્યાયમૂર્તિએ આ બચાવ માનવાની ના પાડી અને કરેલાં ખૂનો માટે તેને જ ગુનેગાર ઠરાવી જન્મભરની જેલ ફરમાવી. એટલે આપણે સારાં ખોટાં જે કર્મો કરીએ તેની જવાબદારી આપણી જ છે, તેને ઈશ્વરને માથે નાખવી એ તર્ક અને બુદ્ધિનું અપમાન કરવા બરાબર છે.

એક મત એમ કહે છે કે 'આત્મા કર્મનો કર્તા નથી, પણ તેનાં ફળનો ભોકતા છે. આ વાત તો અંધેરી નગરીના ગંડૂ રાજાએ જેવો ન્યાય આપ્યો હતો, તેના જેવી થઈ.

અંધેરી નગરીમાં ચાર ચોર ચોરી કરવા ગયા. ત્યાં ખાતર પાડતાં ભીંત તૂટી અને તે દબાઈ મૂઆ. એટલે ચોરની માએ ગંડૂ રાજાને ફરિયાદ કરી. રાજાએ એ માટે ઘરના માલિકને ગુનેગાર ગણ્યો કે આવું તકલાદી ઘર ચણાવ્યું. પણ ઘરનો માલિક ચતુર હતો, તેણે રાજાને કહ્યું કે ઘર ચણવાનું કામ તો કડિયાએ કર્યું છે, એટલે તે

અંગે જે કોઇ ગુનો થયો હોય તે માટે કડિયાને જવાબદાર લેખવો જોઇએ. એટલે રાજાએ ઘરના માલિકને છોડી મૂકયો અને કડિયાને પકડી મંગાવ્યો.

કડિયાએ કહ્યું કે 'ભૂલ ગારો કરનારની છે, મારી નથી. જો ગારો ઢીલો હોય તો ભીંત બેસી જાય એ દેખીતું છે.' એટલે કડિયા છૂટી ગયો અને ગારો કરનાર પકડાયો.

ગારો કરનારે કહ્યું કે 'હું શું કરું? પાણી રેડનાર પખાલીએ વધારે પાણી રેડી દીધું, એટલે એ વાંક પખાલીનો છે.' આમ ગારો કરનાર પણ છૂટી ગયો અને પખાલી પકડાયો.

પખાલીએ કહ્યું: 'મહારાજ! હું પાણી રેડતો હતો, એવામાં એ રસ્તેથી એક મુલ્લા નીકળ્યો, તેની સામે હું જોઈ રહ્યો, એટલે પાણી વધારે પડી ગયું, માટે ખરો ગુનેગાર એ મુલ્લા છે.' એ રીતે આફત આવી મુલ્લા માથે.

જ્યારે મુલ્લાને પકડીને શૂળી પાસે લાવવામાં આવ્યો, ત્યારે જણાયું કે શૂળી ખૂબ જાડી છે અને મુલ્લા ખૂબ પાતળો છે, એટલે તેને છોડી મૂકવામાં આવ્યો અને તેની જગાએ જે કોઈ જાડો માણસ મળી આવે તેને શૂળીએ ચડાવવાનો હુકમ થયો. આ રીતે પોલીસો જાડા માણસની તપાસ કરવા લાગ્યા.

આ તો હતી અંધેરી નગરી, અટલે તેમાં ભાજી પણ ટકે શેર મળતી હતી અને ખાજાં અર્થાત્ મીઠાઈ પણ ટકે શેર મળતી હતી. આ હાલતમાં એક બાવાજીએ રોજ મેવા-

મીઠાઈ ઝાપટીને શરીરને અલમસ્ત બાનાવ્યું હતું. તે આ પોલીસની નજરે ચડી ગયા, એટલે તેમને પકડી રાજા સમક્ષ ખડા કરવામાં આવ્યા અને રાજાએ તેમને શૂળીએ ચડાવવા હુકમ કર્યો.

પરંતુ બાવાજીએ બુદ્ધિ લડાવી થોડી મુદત માગી અને તે મળી જતાં પોતાના ગુરુ પાસે જઈ ઉપાય પૂછયો. ગુરુએ આ અંધેરી નગરીમાં રહેવાની પહેલીથી જ ના પાડી હતી, છતાં શિષ્ય ફસાયો, એટલે તેને બચાવવા તત્પર થયા અને માગેલી મુદતે પોતાના શિષ્ય સાથે શૂળીનાં સ્થાને હાજર થયા.

ત્યાં બંને વચ્ચે રસાકસી જામી. ગુરુ કહે, શૂળીએ હું ચડું. શિષ્ય કહે, ના હુ ચડું. એમની આ પ્રકારની રસાકસી જોઇ રાજા આશ્ચર્ય પામ્યો. શૂળીએ ચડવા માટે આવી રસાકસી? જરૂર તેનું કાંઈ રહસ્ય હોવું જોઈએ. તેણે ગુરુને કારણ પૂછયું, એટલે ગુરુએ જણાવ્યું કે 'મહારાજ! અત્યારે એવો યોગ ચાલી રહ્યો છે કે જે આ વખતે શૂળીએ ચડશે, તેને ખાસ વિમાન લેવા આવશે, માટે આ રસાકસી છે.'

રાજા કહે, જો એમ જ હોય તો તમે બંને રહેવા દો, હું જ શૂળી પર ચડીશ. અને પેલા ગુરુશિષ્યને ત્યાંથી દૂર કાઢી પોતે શૂળી પર ચડયો.

આ ન્યાયને કોણ યોગ્ય ગણશે? કર્મ ન કરવા છતાં ફળ ભોગવવાની સ્થિતિ આના જેવીજ છે. એટલે આત્મા કર્મનો કર્તા છે અને કર્મફળનો ભોકતા છે, એમ માનવુંજ સંગત છે.

એક મત એવો છે કે નિત્ય એવો આત્મા કર્મનો કર્તા અને કર્મફલનો ભોકતા હોઇ શકે પણ તે સકલ કર્મથી છૂટો થઈ મુક્તિ કે પરમપદની પ્રાપ્તિ કરી શકે નહિ, કારણ કે અનંત કાળ થયા તેનામાં કર્મ કરવારૂપી દોષ રહેલો છે અને તે વર્તમાન કાળે પણ વિદ્યમાન છે, એટલે શુભ કર્મથી તે મનુષ્ય અને દેવની ગતિ પ્રાપ્ત કરી શકે પણ સકલ કર્મરહિત થઈ શકે નહિ. પરંતુ આ દલીલ છાર પર લીંપણાં જેવી છે.

સોનું અનાદિ કાળથી માટીમાં મળેલું છે, તેથી શું તેને માટીમાંથી જુદું પાડી શકાતું નથી? આત્માને કર્મનું બંધન પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ રાગ છે. જો તે રાગને બદલે સર્વથા ઉદાસીનતા પ્રકટે તો સકલ કર્મ અવશ્ય દૂર થાય અને મોક્ષ સંભવિત બને. એ ઉદાસીનતા પ્રકટાવવી એ આત્માની પોતાની તાકાતની વાત છે. એટલે આત્મા સકલ કર્મથી છૂટો થઇને મુક્તિ કે પરમપદ પામી શકે છે, એમ માનવું જ યુક્તિસંગત છે.

એક મત એમ કહે છે કે 'મુક્તિ કે પરમપદ સંભવિત છે, પણ તે પ્રાપ્ત કરવાનો કોઈ ઉપાય હાલ વિદ્યમાન નથી. જ્યાં કર્મો ઘણાં અને આયુષ્ય થોડું ત્યાં શું થાય? પરંતુ આ દલીલ વસ્તુસ્થિતિનો મર્મ સમજ્યા વિનાની છે. કર્મો ઘણાં હોય તેથી શું થયું? આત્માની શક્તિ અનંત છે. તે જો પ્રચંડ ધોધથી વહેવા માંડે તો કર્મનો કચરો ઘડીકમાં સાફ કરી નાખે છે. આ બાબતમાં અનેક ઉદાહરણો આપી

શકાય તેમ છે, પણ અહીં ગ્રંથ વિસ્તારના ભયથી મહાત્મા દૃઢપ્રહારીનું એક જ ઉદાહરણ રજૂ કરીએ છીએ.

**મહાત્મા દૃઢપ્રહારી**

દુર્ધર નામે બ્રાહ્મણનો એક પુત્ર રખડુ મિત્રોની સોબતમાં પડી આખો દિવસ જુગાર રમવા લાગ્યો. તેમાં પૈસાની વારંવાર જરૂર પડતાં ચોરી કરવા લાગ્યો અને શેઠશાહુકારોનાં ઘરમાં ખાતર પાડી તથા દુકાનનાં તાળાં તોડી માલમત્તા તફડાવવા લાગ્યા. આ વાતની રાજાને જાણ થતાં તેણે દુર્ધરને ભૂંડે હાલે નગર બહાર કાઢયો અને ફરી નગરમાં પગ ન મૂકવાની સૂચના આપી.

માતાપિતા, ગામલોકો તથા રાજાથી અપમાનિત થયેલો દુર્ધર ક્રોધ તથા વૈરથી ધમધમતો એક અટવીમાં જઈ પહોંચ્યો. ત્યાં ચોરોએ પકડી તેને પોતાના રાજા સમક્ષ રજૂ કર્યો. એ રાજા માણસોનો પરીક્ષક હતો, એટલે તેને ઉપયોગી જાણી પોતાની ટોળીમાં સામેલ કર્યો. હવે દુર્ધર મોટી મોટી ચોરીઓ કરવા લાગ્યો, વાટ આંતરવા લાગ્યો અને ધાડો પાડવામાં કુશળ થયો. તેનો પ્રહાર કદી પણ ખાલી જતો નહિ, એટલે તે દૃઢપ્રહારીના નામથી પ્રસિદ્ધ થયો. અનુક્રમે તે રાજાનો વારસદાર બની ચોરોનો રાજા થયો.

એકવાર પુષ્કળ ધનમાલ મેળવવાના ઈરાદાથી આ દૃઢપ્રહારીએ કુશસ્થળ નગર પર ધાડ પાડી. આ નગર

સૈનિકોથી સારી રીતે રક્ષાયેલું રહેતું, પણ દઢપ્રહારીની સાથે ચોરો ઘણા હતા અને તે જાન પર આવીને લડનારા હતા, એટલે તેમણે સૈનિકોને જોતજોતામાં હઠાવી દીધા અને આખા નગરમાં બેફામ લૂંટ ચલાવી. તે વખતે એક ચોર બ્રાહ્મણનાં ઘરમાં પેઠો, પણ ત્યાં લૂંટવા જેવું કંઈ ન હતું. આ વખતે તેણે યજમાનોને યાચીને પોતાનાં છોકરાંઓ માટે ક્ષીર બનાવી હતી અને તેને એક વાસણમાં ઠારી હતી. અન્ય વસ્તુના અભાવે આ ક્ષીરનું ભોજન પણ ઉત્તમ છે, એમ માની ચોરે એ વાસણ ઊઠાવ્યું ને છોકરાંઓ ટળવળવા લાગ્યા. આ જોઈ બ્રાહ્મણને ઘણું લાગી આવ્યું, એટલે તેણે ભોગળ લઈ ચોરનો સામનો કર્યો. એવામાં દઢપ્રહારી ત્યાં આવી પહોંચ્યો. તેણે પોતાના માણસ પર હુમલો થતો જોઇ તરવાર ખેંચી અને તેના એકજ ઝાટકે બ્રાહ્મણનું શિર ઉડાવી દીધું.

આ બનાવથી બ્રાહ્મણની સ્ત્રી કંપી ઉઠી ને છોકરાંઓ ચીસો પાડવા લાગ્યાં. તેજ રીતે આંગણામાં બાંધેલી ગાયથી આ સહન થયું નહિ, એટલે તે ઉફરાટે આવી અને બંધન તોડી દઢપ્રહારીની સામે થઈ. દઢપ્રહારીનાં દિલમાં દયા ન હતી. વળી તે અઠંગ સાહસિક હતો, એટલે કંઈ પણ વધુ વિચાર કર્યા વિના તેણે ગાય પર તરવાર ચલાવી અને તેનું મસ્તક પણ ધડથી જુદું કર્યું.

આ રીતે પોતાના પતિ તથા ગરીબડી ગાયની હત્યા જોઈને બ્રાહ્મણની પત્ની ખૂબ ઉશ્કેરાઈ ગઈ અને તે ગાળો

દેતી દઢપ્રહારીને મારવા દોડી. પણ એ તો સાક્ષાત્ જમનો અવતાર હતો, એટલે તેના પેટમાં તરવાર હુલાવી દીધી અને તે ઢગલો થઈને નીચે પડી. આ બ્રાહ્મણી ગર્ભવતી હતી, એટલે તેના ગર્ભની પણ હત્યા થઈ અને તેનો લોચો બહાર નીકળી આવ્યો.

આ રીતે ક્રોધ, નિર્દયતા અને સાહસિકતાને વશ થઈ દઢપ્રહારીએ બ્રહ્મહત્યા, ગોહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યા એ ચાર મહા હત્યાઓ કરી. પણ છેલ્લી હત્યાએ તેનું હૈયું હચમચાવી નાખ્યું. તે વિચાર કરવા લાગ્યો કે 'અહો મેં આ શું કર્યું ? એક સાથે ચાર હત્યા અને તે પણ મોટામાં મોટી ! ખરેખર ! મારી દુષ્ટતાએ માઝા મૂકી !'

આવા આવા વિચારો કરતો દઢપ્રહારી પોતાના સાથીઓ સાથે કુશસ્થળ છોડી ગયો, પણ પેલું ગોઝારૂં દશ્ય તેની દૃષ્ટિ આગળથી ક્ષણ વાર પણ અળગું થયું નહિ. તે પોતાનાં દુષ્ટ કૃત્યની વારંવાર નિંદા કરવા લાગ્યો અને તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

એમ કરતાં તે વનપ્રદેશમાં દાખલ થયો, ત્યાં એક મુનિરાજ તેના જોવામાં આવ્યા, એટલે તેણે દોડીને એમના પગ પકડી લીધા અને તેને પોતાનાં અશ્રુ વડે ભીંજવી દીધા. મુનિરાજે તેને ખૂબ શાંતવન આપ્યું, એટલે દઢ-પ્રહારીએ બનેલો બનાવ કહી સંભળાવ્યો અને પોતાને એ ઘોર પાપમાંથી ઉગારવાની વિનંતિ કરી.

મુનિરાજે કહ્યું : 'કરેલાં પાપોનો અંતરથી પશ્ચાત્તાપ

કરવો એ પવિત્રતાનો પ્રારંભ છે અને ફરી એ પાપો ન કરવાનો દૃઢ સંકલ્પ કરવો એ પવિત્રતાના પથ પરનું પ્રયાણ છે, માટે તું હવેથી પાપ ન કરવાનો દૃઢ સંકલ્પ કર.' પછી તેને પ્રાણાતિપાતવિરમણાદિ પાંચ પ્રકારનાં મહાવ્રતોવાળું શીલ બતાવ્યું અને તેનું પાલન કરવાનો ઉપદેશ આપ્યો, એટલે દૃઢપ્રહારીએ પાંચ મહાવ્રત ધારણ કરી સાધુજીવનનો સ્વીકાર કર્યો અને એવો અભિગ્રહ ધારણ કર્યો કે 'જ્યાં સુધી આ ચાર હત્યાઓ યાદ આવે ત્યાં સુધી આહારપાણી લેવાં નહિ.' કેવી ભીષ્મ પ્રતિજ્ઞા! તેઓ અત્યાર સુધી પાપકર્મ કરવામાં જે શૂરવીરતા બતાવી રહ્યા હતા, તેવી જ શૂરવીરતા તેમણે અંતરના શત્રુઓ સાથે યુદ્ધ ખેલવામાં બતાવવા માંડી અને 'कम्मे सूरा धम्मे सूरा' એ યુક્તિને ચરિતાર્થ કરી. તેઓ આ ઉગ્ર અભિગ્રહને ધારણ કરીને કુશસ્થલ નગરના દરવાજે આવ્યા અને ત્યાં કાર્યોત્સર્ગ કરીને ઊભા રહ્યા.

આ જોઈ લોકો અનેક પ્રકારના મેણાં–ટોણાં મારવા લાગ્યા અને તેમનો ઉપહાસ કરવાપૂર્વક ઈંટ, ઢેખાળા તથા પત્થર તેમના પર ફેંકવા લાગ્યા. પરંતુ તેઓ ધ્યાનથી જરાયે ડગ્યા નહિ. એમ કરતાં જ્યારે એ ઈંટ વગેરેનો ઢગલો તેમની નાસિકા સુધી પહોંચ્યો, ત્યારે કાયોત્સર્ગ પારી નગરના બીજા દરવાજે ગયા અને ત્યાં કાયોત્સર્ગ કરી ધ્યાનમાં મગ્ન થયા. ત્યાં પણ તેમની આવી જ હાલત થઈ. આમ છ માસ સુધી નગરના જુદા જુદા દરવાજે

ઊભા રહી ઘોર તપશ્ચર્યા કરતાં સઘળાં કર્મો ખપી ગયાં અને તેમને લોકાલોકપ્રકાશક અદ્વિતીય અનુપમ કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે લોકો સમજ્યા કે દઢપ્રહારી હવે સાચા સંત છે અને તેમની પાદરેણુ આપણાં જીવનને પવિત્ર કરી શકે એમ છે, એટલે તેઓ એમની પાદરેણુ માટે પડાપડી કરવા લાગ્યા.

જેઓ કેવળજ્ઞાન પામે છે, તેઓ શરીર છોડયા પછી અવશ્ય મુક્તિ યાને પરમપદ પામે છે, એટલે દઢ પ્રહારી કાળધર્મ પામી પરમપદે આરૂઢ થયા અને સિદ્ધ-બુદ્ધ–નિરંજન બની અનંત સુખસાગરમાં લીન થયા.

તાત્પર્ય કે કર્મો ગમે તેવાં કઠિન અને વિપુલ હોય હોય તો પણ આત્મબળથી તેનો સંપૂર્ણ નાશ કરી શકાય છે, તેથી મુકિત કે પરમપદનો ઉપાય વિદ્યમાન છે, એમ માનવું જ યોગ્ય છે.

આ ઉપાય, માર્ગ કે સાધનને જ જ્ઞાની પુરુષોએ ધર્મની સંજ્ઞા આપી છે. સૂરિપુરંદર શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ ધર્મબિન્દુના પ્રારંભમાં ધર્મનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે 'धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः–ધર્મ એ જ પરંપરાએ મોક્ષનો સાધક છે' અને તેથી જ જૈન મહર્ષિઓનો ઉપદેશ છે કે—

लद्धुण माणुसत्तं कहंचि अइ दुल्लहं भवसमुद्दं ।
सम्मं निउंजियव्वं कुसले हि सया वि धम्मंमि ॥

'ભવસમુદ્રમાં કોઇ પણ રીતે અતિ દુર્લભ એવું મનુષ્યપણું પામીને ડાહ્યા માણસોએ તેને હમેશા ધર્મમાર્ગ-ને વિષે સારી રીતે જોડવું.'

આ મતસમીક્ષાનો સાર એ છે કે—

अत्थि जिओ तह निच्चा, कत्ता भोत्ता य पुन्न पावाणं ।
अत्थि धुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे ॥

(૧) આત્મા અવશ્ય છે, (૨) તે નિત્ય છે, (૩) તે પુણ્યપાપનો એટલે શુભાશુભ કર્મનો કર્તા છે, (૪) તે પુણ્યપાપનાં એટલે શુભાશુભ કર્મનાં ફળનો ભોક્તા છે, (૫) તે સકલ કર્મથી છૂટો થઇને નિર્વાણ એટલે મુક્તિ કે પરમપદ પામી શકે છે અને (૬) તેવું પદ પામવાનો ઉપાય પણ અવશ્ય વિદ્યમાન છે. અધ્યાત્મવાદ કે મોક્ષ-વાદની ઈમારતને ટકાવનારાં આ જ છ સિદ્ધાંતો છે, એ પાઠકોએ ભૂલવાનું નથી.

## ૬–સાધનવિચાર

જેના વડે સાધ્યની સિદ્ધિ થાય તેને સાધન કહેવાય છે. આ સાધન જેટલું સુંદર, જેટલું સારું, જેટલું ઉત્તમ તેટલી કાર્યસિદ્ધિ વધારે ઝડપી અને ખાતરીવાળી બને છે, એટલે સાધન ઉત્તમ હોય એ જરૂરી છે.

અહીં ' क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे– ક્રિયાસિદ્ધિનો આધાર પુરુષાર્થ પર છે, નહિ કે સાધનો ઉપર' એ પંક્તિ અમારી સામે ધરવામાં આવે છે અને તેનો ખુલાસો માગવામાં આવે છે, એટલે અમે જણાવીએ

છીએ કે 'આ પંક્તિ પુરુષાર્થની પ્રતિષ્ઠા કરનારી છે, પણ સાધનનો નિષેધ કરનારી નથી.'

જેના વડે સાધ્યની સિદ્ધિ થાય તે સાધન કહેવાય છે, એટલે પુરુષાર્થ પણ એક પ્રકારનું સાધન જ થયું. 'તો પછી नोपकरणे એ શબ્દો શા માટે લખાયા?' તેનો ખુલાસો એ છે કે 'સત્ત્વ અથવા પુરુષાર્થ એ આંતરિક સાધન છે અને ઉપકરણ એ બાહ્ય સાધન છે. આ બાહ્ય સાધનો ઓછાં હોય-ટાંચાં હોય તો પણ મહાપુરુષો પોતાના પુરુષાર્થનાં જોરે કાર્ય સિદ્ધિ કરી શકે છે, એમ સમગ્ર કથનનું તાત્પર્ય છે, એટલે આ પંક્તિ સાધનનો નિષેધ કરનારી નથી.'

અમને પોતાને આ પંક્તિ ખૂબ પસંદ છે, એટલે જ અમે તેનો સંગ્રહ કરનારા ત્રણ શ્લોકોનો ઉપયોગ ધર્મ-બોધ ગ્રંથમાળાનાં 'સફળતાની સીડી' નામક પુસ્તકમાં તેમજ 'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' નામના બૃહદ્ વિહાર-ગ્રંથમાં કર્યો છે.

કેટલાક કહે છે કે 'સાધન ગમે તેવું હોય તેથી શું? જો વાપરનાર કુશળ હોય તો તેનાથી પણ કાર્ય સિદ્ધ થઈ છે. એક લાકડીના સામાન્ય દંડુકાથી પણ ભરવાડો વગેરે વાઘવરૂ જેવા હિંસક પશુઓને હાંકી કાઢે છે અથવા લાકડાનું એક નાનું પાટિયું મળી આવતાં વીર પુરુષો આખો દરિયો તરી જાય છે.'

પરંતુ આ દૃષ્ટાંતો આપવાદિક છે, એટલે તેનો સર્વ-માન્ય સિદ્ધાંત તરીકે સ્વીકાર થઈ શકે નહિ. જો

લાકડીના દંડુકામાત્રથી જ કામ થતું હોત તો કડિયાળી ડાંગો, તીર–કામઠાં અને બંદુકોનો ઉપયોગ થાત શા માટે ? અથવા પાટિયાથીજ સાગર તરાતો હોત તો વહાણો, સ્ટીમરો અને સબમરીનો શોધાત શા માટે ? તાત્પર્ય કે ઉક્ત સાધનો અપૂર્ણ જણાયાં, એટલે આ સાધનો અસ્તિત્વમાં આવ્યાં અને તે સારી રીતે કામ આપવા લાગ્યાં, એટલે જ તેનો વપરાશ વધ્યો.

મનુષ્યો એક પછી એક યંત્રો શોધ્યે જાય છે, તેનું કારણ પણ એ જ છે કે સારાં ઉત્તમ સાધનો મેળવવાં.

માણસ ગમે તેટલો કુશળ હોય તો પણ સારાં સાધનો વિના કાર્યની સિદ્ધિ કરી શકતો નથી. એક વીર પુરુષને લાકડાની તરવાર આપી રણમેદાનમાં મોકલીએ તો યુદ્ધમાં એ વિજયી થઈ શકે ખરો ? અથવા એક કુશળ લહિયાને બૂઠી કલમ, પાણી જેવી શ્યાહી કે તદ્દન ખરબચડા કાગળ આપીને લખવા બેસાડીએ તો સુંદર લેખન થાય ખરું ? ત્યાં અણીદાર કલમની, ઘટ શ્યાહીની તથા સુંવાળા સરખા કાગળની જરૂર અવશ્ય રહે છે.

જો વ્યવહારનાં ક્ષેત્રમાં સાધનની ઉત્તમતા આવી ઉપયોગી નીવડે છે, તો આધ્યાત્મિક ક્ષેત્રમાં કે પરમપદની સાધનામાં તે અતિ ઉપયોગી નીવડે એમાં નવાઈ શું ? જેમણે સાધનની ઉત્તમતાનો વિવેક ન કર્યો તે વામાચાર સુધી પહોંચી ગયા અને મદ્ય, માંસ, મત્સ્યભક્ષણ, મુદ્રા તથા મૈથુનથી મુક્તિ મળે છે, એવું પ્રતિપાદન કરવા લાગ્યા, જ્યારે વાસ્તવમાં એ બધાં સાધનો ઘોર

નરકમાં લઈ જનારાં છે. તેથી જ સુજ્ઞ પુરુષો સાધનની ઉત્તમતાને અગ્રપદ આપે છે.

એક મહાનુભાવ કહે છે કે 'આપણે તો કાર્યસિદ્ધિનું કામ છે, એટલે તે કોઈ પણ સાધનથી થતી હોય તો એનો ઉપયોગ શા માટે ન કરવો ? નીતિકારોએ સ્પષ્ટ કહ્યું છે કે, શામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાયોમાંથી જે કોઈ ઉપાય લાગુ થતો હોય તે ઉપાય લાગુ કરીને કાર્યસિદ્ધિ કરવી.' આ મહાનુભાવને અમે જણાવવા ઇચ્છીએ છીએ કે આ નીતિ વ્યવહારિક ક્ષેત્રમાં સફળ થઈ શકે પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં સફળ થઈ શકે નહિ, કારણકે જ્યાં જે સાધનની જરૂર હોય ત્યાં તે સાધનનો જ ઉપયોગ કરવો જોઈએ. જો કપડાંને માપવું હોય તો ગજ કે વારનો ઉપયોગ કરવો જોઈએ, ધાન્યને માપવું હોય તો પાલી કે માણાંનો ઉપયોગ કરવો જોઈએ અને દૂધ કે તેલને માપવું હોય તો પળી કે પાવળાનો ઉપયોગ કરવો જોઈએ. જો ગજ કે વારથી ધાન્યને માપવા જઈએ કે દૂધ તેલને માપવા જઈએ તો પૂરી ફજેતી થાય. અથવા પાલી, માણા કે પળીપાવળાથી કાપડને માપવા જઈએ તો આપણી અકલનું માપ નીકળે, એટલે જેવું કાર્ય તેવાં જ સાધનો વાપરવા જોઈએ.

વ્યાવહારિક કાર્યોમાં લાંચરુશ્વતનો ઉપયોગ બહોળો થાય છે, પણ મૃત્યુને નિવારવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે તો સફળતા મળે ખરી ? આ બાબતમાં એક રાજા–રાણીનો સંવાદ અમને યાદ આવે છે :—

## ૭–રાજારાણીનો સંવાદ

રાણી કહે છે :

**ખોળે ભરી છે સુખડી, પાનનાં બીડાં હત્થ;**
**જળહળ જ્યોત જગમગે, કયમ અલૂણા કંથ ?**

હે સ્વામિન્ ! આપણી પાસે ખાવાને માટે વિવિધ પ્રકારની મીઠાઈઓ તૈયાર છે, વળી આપના હાથમાં કેશર કસ્તૂરી, અંબર વગેરે સુગંધી મૂલ્યવાન પદાર્થોથી બનાવેલાં પાનનાં બીડાં મૂખમાં મૂકવા માટે તૈયાર છે, તેમ ચારે બાજુ અપૂર્વ રિદ્ધિસિદ્ધિનો ઝગમગાટ થઈ રહ્યો છે, છતાં તમે ઉદાસીન કેમ છો ?

ઉત્તરમાં રાજા કહે છે :

**સંદેશો લઈ આવિયો, મૃત્યુદૂત આ વાર;**
**દુશ્મન આવી પહોંચશે, જવું પડશે જમદ્વાર.**

હે રાણી ! તમે કહી એ બધી વાત ઠીક છે, પણ આ મીઠાઈમાં, આ પાનનાં બીડામાં ને આ રિદ્ધસિદ્ધિમાં અમને રસ કયાંથી આવે ? કારણ કે મૃત્યુનો દૂત સંદેશો લઈને આવ્યો છે, એટલે થોડી વારમાં જીવનનો દુશ્મન –કાલ અહીં આવી પહોંચશે અને અમારે જમદ્વાર થવું પડશે એ નિશ્ચિત છે. રાજાનાં મસ્તક પર શ્વેત વાળ ઉગેલો છે, એને અનુલક્ષીને તે આ પ્રમાણે કહી રહ્યો છે.

આ સાંભળીને રાણી અભિમાનથી કહે છે :

**દેઈશ જમને લાંચડી, કરીશ લાખ પસાય;**
**આપીશ કરની મુદ્રિકા, ( મારા ) પિયુને કોણ લઈ જાય ?**

હે સ્વામિન્ ! એમાં તમે ગભરાઓ છો શું ? આપણી પાસે લક્ષ્મી ઘણી છે, તેથી જમને લાંચ આપીશું અથવા તેના પર અનેક પ્રકારની મહેરબાની કરીશું અને તેમ છતાં નહિ માને તો મારા હાથમાં મણિમય મુદ્રિકા છે, તે આપી દઈશ, પણ તમને કોઈ રીતે લઈ જવા દઈશ નહિ. હું જોઉં છું કે તમને એ કઇ રીતે લઈ જાય છે ?

રાજા શાણો છે, એટલે તે ઠાવકાઈથી કહે છે :

**ઘેલી થા મા સુંદરી, ઘેલાં બોલ ન બોલ;**
**જો જમ લેવત લાંચડી, (તો) જગમાં મરતજ કોણ ?**

હે સુંદરી ! તું ઘેલી થા મા અને ઘેલાં વચનો બોલ મા. જો જમ લોકો લાંચરૂશ્વત લેતા હોત તો આ જગત્‌માં કોનું મૃત્યુ થાત ? અર્થાત્ કોઈનું જ નહિ. એટલે કે ત્યાં લાંચરૂશ્વતનો કારોબાર ચાલતો નથી. જે શાશ્વત નિયમ છે, તેનો જ અમલ થાય છે.

તાત્પર્ય કે જેવું ક્ષેત્ર, જેવું કાર્ય તેવાં જ સાધનો વાપરવા જોઇએ. પરમપદની પ્રાપ્તિ એ સંપૂર્ણ શુદ્ધિનું ક્ષેત્ર છે, એટલે તેનાં સાધનો પણ તદ્દન શુદ્ધ જ જોઈએ.

પરમપદની પ્રાપ્તિ માટે જૈન મહર્ષિઓએ અપેક્ષાભેદથી એક, બે, ત્રણ તથા અનેક પ્રકારનાં સાધનોની પ્રરૂપણા કરી છે, તેનો મર્મ સમજી લઈએ.

## ૮–એક સાધન

સુધર્મ એ પરમપદની પ્રાપ્તિનું મુખ્ય સાધન

છે, તેમાં કોઈ વિવાદ નથી. આ કારણે જ તેને ઉત્કૃષ્ટ મંગલ કહેવામાં આવ્યું છે. જેમ કે–

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥

'અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન હમેશાં આવા ધર્મમાં વસ્યું છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.'

## ૯–બે સાધન

જ્ઞાન અને ક્રિયા એ પરમપદની પ્રાપ્તિનાં બે સાધનો છે. કેટલાક કહે છે કે માત્ર જ્ઞાનથી જ મુક્તિ મળે છે, તેમાં ક્રિયાકાંડની કોઈ આવશ્યકતા નથી અને તેથી જ એવા શબ્દો ઉચ્ચારે છે કે:—'ज्ञानान्मोक्षस्ततोऽनन्तसुख-प्राप्तिर्न संशयः । જ્ઞાનથી મોક્ષ મળે છે અને તેથી અનંત સુખની પ્રાપ્તિ થાય છે, તેમાં સંશય નથી.'

કેટલાક કહે છે કે "કોરા જ્ઞાનથી શું થાય ? તે માટે તો ખરી જરૂર ક્રિયાયાંડની જ છે અને તેથી તેઓ એવા શબ્દો ઉચ્ચારે છે કે–

अधीत्य शास्त्राणि भवन्ति मूर्खा
यस्तु क्रियावान् पुरुषः स विद्वान् ।
संचिन्त्यतामौषधमातुराणां
न ज्ञानमात्रेण करोत्यरोगम् ॥

'મનુષ્યો વિવિધ શાસ્ત્રનો અભ્યાસ કરવા છતાં મૂર્ખ રહે છે; તેથી જે પુરુષ ક્રિયાવાન્ છે, તેજ સાચો વિદ્વાન્ છે. ઔષધનું સારી રીતે ચિંતન કરનાર રોગીને માત્ર તે જ્ઞાન વડે નીરોગી અવસ્થા પ્રાપ્ત થતી નથી. તાત્પર્ય કે જાણેલું અમલમાં મૂકે છે, ક્રિયામાં પરિણત કરે છે, ત્યારે ફાયદો થાય છે.'

આ વિવાદનું સમાધાન કરવા જૈન મહર્ષિઓએ 'नाणकिरियाहिं मोक्खो–જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ છે.' એ સૂત્ર ઉચ્ચાર્યું છે અને તેની સાર્થકતા જણાવવા માટે અંધ–પંગુ ન્યાય રજૂ કર્યો છે. તે આ પ્રમાણેઃ—

## ૧૦–અંધપંગુ ન્યાય

એક નગરમાં ભયંકર આગ લાગી, એટલે બધા લોકો પોતાનો જીવ બચાવવા સહીસલામત સ્થળે ચાલ્યા ગયા, પણ એક આંધળો ને એક પાંગળો એ નગર છોડી શકયા નહિ. આગ તો ફૂદકે ને ભૂસકે વધતી તેમની સમીપ આવી રહી હતી, એટલે જો તેઓ એ સ્થાન ન છોડે તો તેમનું મૃત્યુ નિશ્ચિત હતું. આંધળો શરીરે મજબૂત હતો અને સારી રીતે ચાલી શકે તેમ હતો, પણ રસ્તો સૂઝે નહિ ત્યાં જાય કેવી રીતે ? પાંગળાંની આંખો સુંદર હતી અને તે દૂર સુધી જોઈ શકતો હતો, પણ પગમાં બિલકુલ તાકાત નહિ, એટલે ચાલે કેવી રીતે ? પરંતુ આ બંને એકજ સ્થાને હતા, એટલે તેમણે સહકારથી કામ લેવાનો વિચાર કર્યો. પાંગળો આંધળાના

ખભે બેઠો અને આંધળો પાંગળાનાં સૂચન મુજબ ચાલવા લાગ્યો. આ રીતે બંને જણા નગરની બહાર નીકળી ગયા અને પોતાનો જીવ બચાવી શકયા. અહીં આંધળો એ જ્ઞાનરહિત સમજવો અને પાંગળો એ ક્રિયારહિત સમજવો. જ્ઞાન ન હોય તો રસ્તો સૂઝે નહિ અને ક્રિયા ન હોય તો રસ્તો સૂઝવા છતાં તે રસ્તે પ્રયાણ થઈ શકે નહિ, એટલે જ્ઞાન અને ક્રિયા ઉભયની જરૂર છે.

## ૧૧–ત્રણ સાધનો અથવા રત્નત્રયી

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ પરમપદની પ્રાપ્તિનાં ત્રણ સાધનો છે. વાચકશેખર ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થાધિગમસૂત્રની આદિમાં ‘ सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः’ એ સૂત્ર વડે તેનું પ્રતિપાદન કર્યું છે. આ સાધનો રત્ન જેવા ઉત્તમ હોવાથી તેને રત્નત્રયી કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન એટલે સાચી દૃષ્ટિ કે સુદૃષ્ટિ. તે માટે કહેવાયું છે કે—

धनेन हीनोऽपि धनी मनुष्यो,
यस्यास्ति सम्यक्त्वधनं प्रधानम् ।
धनं भवेदेकभवे सुखाय,
भवे भवेऽनन्तसुखी सुदृष्टिः ॥

‘ધનથી રહિત હોવા છતાં તે મનુષ્ય ધનવાળો છે કે જેને શ્રેષ્ઠ સમ્યકત્વ એટલે સમ્યગ્દર્શન કે સુદૃષ્ટિની પ્રાપ્તિ થઈ છે. ધન બહુ બહુ તો એક ભવમાં સુખ આપી

શકે છે, ત્યારે સુદૃષ્ટિવાળો મનુષ્ય જે કાંઇ ભવો ધારણ કરવા પડે, તે દરેક ભવમાં અનંત સુખનો સ્વામી થાય છે.

अतुलगुणनिधानं, सर्वकल्याणबीजं,
जननजलधिपातं, भव्यसत्वैकचिह्नम् ।
दुरिततरुकुठारं, पुण्यतीर्थं प्रधानम् ,
पिबत जितविपक्षं, दर्शनाख्यं सुधाम्बु ॥

'હે લોકો! તમે સમ્યગ્દર્શનરૂપી અમૃતજલનું પાન કરો, કારણ કે તે અતુલ ગુણોનું નિધાન છે, સર્વ કલ્યાણનું બીજ છે, જન્મ–મરણાદિમય સંસારસાગરને તરી જવા માટેનું વહાણ છે, ભવ્ય જીવોનું એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવા માટે કુહાડો છે, પવિત્ર એવું તીર્થ છે, સર્વ રીતે શ્રેષ્ઠ છે અને મિથ્યાત્વને જિતનારું છે.'

સાચાને ખોટું માનવું અને ખોટાને સાચું માનવું, એ મિથ્યાત્વનું મુખ્ય લક્ષણ છે. તેના લીધે જીવને સત્ય સમજાતું નથી, એટલે સાચો માર્ગ જડતો નથી અને સાચો માર્ગ જડતો નથી, એટલે તેનું અનાદિ ભવભ્રમણ ચાલુ જ રહે છે. તેથી જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो, न मिथ्यात्वसमं तमः ॥

'મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું કોઈ વિષ નથી, મિથ્યાત્વ જેવો કોઇ રોગ નથી અને મિથ્યાત્વ જેવો કોઈ અંધકાર નથી.'

આ મિથ્યાત્વને સમ્યગ્દર્શન વડેજ જિતી શકાય છે એ એની પરમ વિશેષતા છે. એ જિતવાની ક્રિયા કેવી રીતે થાય છે? તેનું વર્ણન પણ જૈન મહર્ષિઓએ ખૂબ સૂક્ષ્મતાથી કરેલું છે, તે આ પ્રમાણે :

પ્રારંભમાં બધા આત્માઓ ગાઢ રાગદ્વેષવાળા હોઈ મિથ્યાત્વથી યુક્ત હોય છે. તે આધ્યાત્મિક ઉન્નતિથી વિમુખ હોઈ તાત્ત્વિક સુખનો અનુભવ કરી શકતા નથી. અનાદિકાળથી સંસારના પ્રવાહમાં ઘસડાતા આત્માઓ અકામનિર્જરાને લીધે એટલે કે અનેક પ્રકારનાં શારીરિક અને માનસિક સંવેદનો અજાણપણે સહન કરવાને લીધે કર્મની કંઈક લઘુતાવાળા થાય છે, ત્યારે તેમણે યથા-પ્રવૃત્તિકરણ કર્યું કહેવાય છે. જે પ્રવૃત્તિ સ્વાભાવિક છે, તે યથાપ્રવૃત્તિ કહેવાય છે. તેવી પ્રવૃત્તિને લીધે જે કરણ કે ક્રિયા થાય છે, તે યથાપ્રવૃત્તિ કરણ.

તે જીવો આ સ્થિતિ પ્રાપ્ત થયે જો શુભભાવ અને વીર્યનો ઉલ્લાસ અમુક અંશે વધારે તો તે વધેલા ઉલ્લા-સના બળે રાગ અને દ્વેષની નિબિડ ગ્રંથિની સમીપે જાય છે અને તેનો છેદ કરવાને સમર્થ બને છે. આ ક્રિયાને અપૂર્વકરણ કહેવામાં આવે છે, કારણ કે પૂર્વે આ જીવોએ આવું કરણ કે આવી ક્રિયા કોઈ વખત કરી ન હતી.

પછી તે વિકાસગામી આત્માઓ દર્શનમોહ (એક જાતની કર્મપ્રકૃતિ) પર વિજય મેળવીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે. આ ક્રિયાને અનિવૃત્તિકરણ કહેવામાં આવે

છે, કારણ કે તેમાં સમાન સમયે પ્રવેશેલા આત્માઓના ઉત્તરોત્તર અધ્યવસાયોમાં નિવૃત્તિ યાને ફેરફારી નથી હોતી, સમાનતા હોય છે.

મિથ્યાત્વમાં રાચી રહેલો આત્મા આ રીતે ત્રણ કરણના યોગે સમ્યગ્દર્શનવાળો એટલે સમ્યગ્દષ્ટિ બને છે અને આધ્યાત્મિક વિકાસની અભિમુખ થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી જરૂરી છે કે જે આત્માઓ યથાપ્રવૃત્તિકરણ કરીને રાગદ્વેષની નિબિડગ્રંથિની સમીપે આવે છે, પણ તેનો કોઈ કાળે છેદ કરવા સમર્થ થતા નથી, તેઓનું ભવભ્રમણ અનંતકાળ સુધી ચાલુ જ રહે છે અને તેથી તેઓને અભવ્ય કહેવામાં આવે છે, જ્યારે સમ્યગ્દર્શન કે સમ્યકત્વ પામવાની શક્તિવાળા આત્માના ભવભ્રમણનો વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તન (કાળનું એક મોટું પ્રમાણ) જેટલા કાળમાં અવશ્ય અંત આવે છે, એટલે તેમને ભવ્ય કહેવામાં આવે છે.

'સમ્યગ્દર્શન કોને કહેવાય?' એના ઉત્તરમાં વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થાધિગમસૂત્રમાં કહ્યું છે કે 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्–તત્ત્વની યથાર્થ શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન.' આનો સ્પષ્ટ અર્થ એ છે કે જિનેશ્વર ભગવંતોએ તત્ત્વોનું જે સ્વરૂપ બતાવ્યું છે, તેવાજ સ્વરૂપે તેની શ્રદ્ધા થાય, હાર્દિક પ્રતીતિ થાય ત્યારે સમ્યગ્દર્શન કે સમ્યકત્વની પ્રાપ્તિ થઈ કહેવાય. આ તત્ત્વશ્રદ્ધાનું

પરિણામ સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધામાં આવે છે, એટલે વ્યવહારથી સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દો :

धम्मस्स होइ मुलं, सम्मत्तं सव्वदोसपरिमुक्कं ।
तं पुण विशुद्धदेवाइ, सव्वसद्दहणपरिणामो ॥

'સર્વ દોષથી વિમુક્ત એવું સમ્યકત્વ ધર્મનું મૂળ છે અને તે વિશુદ્ધ દેવાધિદેવ એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મની પરમ શ્રદ્ધારૂપ છે.'

જૈન ધર્મમાં સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધા ઉપર આટલો બધો ભાર કેમ મૂકાયો છે, તે હવે સમજી શકાશે. જૈન મહર્ષિઓ કહે છે કે–

(૧) સમ્યકત્વ એ ચારિત્રરૂપી ધર્મનું મૂળ છે.
(૨) સમ્યકત્વ એ ધર્મનગરમાં પેસવાનું દ્વાર છે.
(૩) સમ્યકત્વ એ ધર્મરૂપી મહેલનો પાયો છે.
(૪) સમ્યકત્વ એ ગુણોનો નિધિ છે.
(૫) સમ્યકત્વ એ શમદમનો આધાર છે. અને
(૬) સમ્યકત્વ એ શ્રુત–ચારિત્રરૂપી રસનું પાત્ર છે.

આ સાધન–અનિવાર્યતા તેમણે નિમ્ન પંક્તિઓમાં બરાબર દર્શાવી છે :

विना सम्यक्त्वरत्नेन, व्रतानि निखिलान्यपि ।
नश्यन्ति तत्क्षणादेव ऋते नाथाद्यथा चमूः ॥

# આપનું જોખમ
# કોઇ પણ હોય


## અમે આપનું રક્ષણ કરીશું !

ભારતીય વીમાક્ષેત્રમાં અગ્રેસર **ન્યૂ ઇન્ડિયા ઍશ્યોરન્સ કંપની** પૂર્વના દેશોમાં સર્વત્ર સન્માનિત અને વિશ્વાસ-પાત્ર છે. આ કંપની દરિયાઈ, આગ, અકસ્માત અને ચોરી વગેરે તમામ પ્રકારના જનરલ વીમાનું કામ કરે છે, આપને આપવાની રકમ જલ્દી ચૂકવે છે અને ઘણા વર્ષનો અનુભવ ધરાવતી હોવાથી સંરક્ષણ અને સેવાની ખાત્રી આપે છે.

આપ આપનું જનરલ ઇન્સ્યુરન્સ સંબંધી **તમામ** કામ નિશ્ચિતપણે **ન્યૂ ઇન્ડિયા ઍશ્યોરન્સ કંપનીને** આપો.

**ધી ન્યૂ ઇન્ડિયા ઍશ્યોરન્સ કંપની લી.**

મહાત્મા ગાંધી રોડ, મુંબઈ






# Elegance in Velvet

**Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.**

Askok

**ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.**

FABRICS

**Selling Agents: Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.**

M. J. Market, Bombay 2.

तद्विमुक्तः क्रियायोगः प्रायः स्वल्पफलप्रदम् ।
विनानुकूलवातेन कृषिकर्म यथा भवेत् ॥

'સમ્યકત્વ વિના બધાં વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તરત જ નાશ પામે છે. અનુકૂળ પવન વિના જેમ ખેતી ફલદાયક થતી નથી, તેમ સમ્યકત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પ ફલ આપનારી થાય છે.'

અનેક મંત્રગર્ભિત શ્રી ઉવસગ્ગહરંસ્તોત્રમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે કે–

तुह सम्मत्ते लद्धे, चिंतामणि–कप्पपायवऽब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥

'હે ભગવન્! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યકત્વ મળવાથી જીવો નિર્વિઘ્ને અજરામર સ્થાનને એટલે પરમપદને પ્રાપ્ત કરે છે.'

તાત્પર્ય કે પરમપદની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન કે સમ્યકત્વ નિતાંત આવશ્યક છે. આ સમ્યકત્વ પ્રાયઃ ગુરુના ઉપદેશ વગેરે અધિગમ કે નિમિત્તથી થાય છે, એટલે દરેક મુમુક્ષુએ સદ્ગુરુની સેવા અવશ્ય કરવી જોઇએ.

શ્રદ્ધામાં કેવી અપૂર્વ શક્તિ રહેલી છે? તેનું વર્ણન અમે ધર્મબોધ ગ્રંથમાળાનાં 'શ્રદ્ધા અને શક્તિ' નામક પુસ્તકમાં વિસ્તારથી કર્યું છે, એટલે મુમુક્ષુઓને તેનું અવલોકન કરવાની ખાસ ભલામણ છે.

જે જ્ઞાન સમ્યકત્વથી વાસિત થયેલું હોય તેને સમ્ય-

ગ્જ્ઞાન કહેવામાં આવે છે. તેનું મહત્ત્વ પ્રકાશતાં જૈન મહર્ષિઓએ જણાવ્યું છે કે–

ज्ञानाद्विदन्ति खलु कृत्यमकृत्यजातं,
ज्ञानाच्चरित्रममलं च समाचरन्ति ।
ज्ञानाच्च भव्यभविकाः शिवमाप्नुवन्ति,
ज्ञानं हि मूलमतुलं सकलश्रियां तत् ॥

'જ્ઞાનથી મનુષ્યો કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય વસ્તુસમુદાયને જાણે છે અને નિર્મળ એવા ચારિત્રનું આચરણ કરે છે. વળી ભવ્ય જીવો જ્ઞાન વડે જ શિવસુખને પામે છે, તેથી જ્ઞાન એ સકલ લક્ષ્મીનું ઉપમા રહિત મૂલ છે.'

ज्ञानं स्यात्कुमतान्धकारतरणिर्ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरङ्गिणी कुलगिरिर्ज्ञानं कषायापहम् ।
ज्ञानं निर्वृत्तिवश्यमन्त्रममलं ज्ञानं मनःपावनम्,
ज्ञानं स्वर्गगतिप्रयाणपटहं ज्ञानं निदानं श्रियः ॥

'જ્ઞાન એ કુમતોએ પ્રસારેલા અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન છે અને જગતનું લોચન છે; જ્ઞાન એ નીતિ રૂપી નદીને નીકળવાને માટે પર્વત સમાન છે અને ક્રોધ, માન, માયા તથા લોભરૂપી કષાયોને દૂર કરનાર છે. જ્ઞાન એ મુક્તિને વશ કરવા માટે પવિત્ર મંત્ર છે અને મનને પાવન કરનાર છે; જ્ઞાન એ સ્વર્ગગતિમાં પ્રયાણ કરવાનો પડહ છે અને લક્ષ્મીનું કારણ છે.'

# રામતીર્થ બ્રાહ્મી તેલ

[ સ્પેશીઅલ નં. ૧ ]

રજીસ્ટર્ડ

**વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફુર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪-૦૦, નાની બાટલીના રૂા. ૨-૦૦**

---

**શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨-૫૦**

---

## શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ-૧૪

*For Your every*

*ELECTRICAL Requirements:*

Please Contact

# Ms. Raichand & Sons.

**Direct Importers & Wholesalers.**

5-7, Picket Cross Road,

**BOMBAY-2.**

**Or DIAL ... Phone No. 23838**

**Tele. PARAMITE.**

---

ALL ENQUIRIES ATTENDED PROMPTLY AND PROPERLY.

पावाओ विणिवत्ती, पवत्तणा तहय कुसलपक्खंमि ।
विणयस्स य पडिवत्ती, तिन्नि वि नाणे समप्पिंति ॥

'પાપ કાર્યોમાંથી નિવૃત્તિ; કુશલ પક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ એ ત્રણ જ્ઞાન વડે જ થાય છે.'

પ્રસિદ્ધ જિનાગમ શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે–

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही ? किं वा नाही छेयपावगं ? ॥

'પ્રથમ જ્ઞાન અને પછી દયા એ સર્વ સંયમી પુરુષોની સ્થિતિ છે. અજ્ઞાની શું કરશે? અથવા તે શ્રેય અને પાપને કેમ જાણી શકશે?'

તાત્પર્ય કે જીવાજીવાદિ પદાર્થોનું જ્ઞાન હોય તો જ જીવદયા પાળી શકાય છે, અન્યથા પાળી શકાતી નથી.

શ્રી જિનેશ્વર દેવે ક્રિયાના અસંખ્ય ભેદો કહેલા છે, તે પણ જ્ઞાન હોય તો જ સફળ થાય છે.

સમ્યગ્ જ્ઞાનના પાંચ પ્રકારો માનવામાં આવ્યા છે: (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવ જ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. પાંચ ઇંદ્રિયો અને મન વડે થતાં વસ્તુના અર્થાભિમુખ નિશ્ચિત બોધને મતિજ્ઞાન કહેવાય છે. તેનું બીજું નામ આભિનિબોધિક જ્ઞાન છે. શ્રુત એટલે શબ્દનાં નિમિત્તથી થતાં મર્યાદિત જ્ઞાનને શ્રૂત જ્ઞાન કહેવામાં આવે છે. ઇંદ્રિય અને મનની મદદ વિના આત્માને પ્રત્યક્ષ થનારા અમુક ક્ષેત્રવર્તી–અમુક કાલવર્તી રૂપી પદા–

ર્થોનાં જ્ઞાનને અવધિજ્ઞાન કહેવામાં આવે છે. ઇંદ્રિય અને મનની મદદ વિના આત્માને પ્રત્યક્ષ થનારાં મનના પર્યાયો સંબંધી થતાં જ્ઞાનને મનઃપર્યવ કે મનઃપર્યાય કહેવામાં આવે છે. અને જે જ્ઞાન નિર્મલ, પરિપૂર્ણ, અસાધારણ અને અનંત હોય તેને કેવલજ્ઞાન કહેવામાં આવે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે મિથ્યાત્વીનું મતિજ્ઞાન મતિઅજ્ઞાન કહેવાય છે, મિથ્યાત્વીનું શ્રુતજ્ઞાન શ્રુતઅજ્ઞાન કહેવાય છે અને મિથ્યાત્વીનું અવધિજ્ઞાનવિભંગ જ્ઞાન કહેવાય છે. મનઃપર્યવ જ્ઞાન કે કેવળ જ્ઞાન મિથ્યાત્વીને હોતાં નથી.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી યુક્ત જે ચારિત્ર તેને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. તે માટે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ।

'જેને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થતું નથી; સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યક્ચારિત્ર પ્રકટ થતું નથી; જેનામાં સમ્યક્ચારિત્રના ગુણો પ્રકટ્યા નથી, તે કર્મબંધનથી મુક્ત થતો નથી; અને જે કર્મબંધનથી મુકત થતો નથી, તે નિર્વાણ પામતો નથી.' એટલે કર્મબંધનથી મુકત થવાનું અનંતર કારણ ચારિત્ર છે અને તેથી જ તેને પરમપદની પ્રાપ્તિ માટે અતિ મહત્ત્વનું સાધન માનવામાં આવ્યું છે.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

શ્રી શ્રાવકશ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ મુંબાઈ સમિતિ સંચાલિત

# ઉદ્યોગગૃહ

**સાધાર્મિકવાત્સલ્ય, જાતમહેનત અને ગૃહઉદ્યોગને ઉત્તેજન આપી રહ્યું છે.**

**તેની એકવાર અવશ્ય મુલાકાત લેવા વિનંતિ છે.**

**ટે. નં. ૭૪૮૩૬**

—ઉદ્યોગગૃહમાં ચાલતા પરિશ્રમાલય અને શિક્ષણવિભાગમાં ૫૫૦ થી ૬૦૦ જેટલાં ભાઈ-બહેનો લાભ લઈ રહ્યાં છે.

—ઉત્પાદન વિભાગમાં દરેક વસ્તુ પૂરી કાળજીથી સફાઇબંધ બનાવવામાં આવે છે અને તે વેચાણવિભાગની દુકાનમાંથી મળી રહે છે.

—ટેલીફોનથી ઓર્ડરો નોંધી લેવાની તથા માલ ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

—ખાખરા, પાપડ, ચાહ-દૂધના મશાલા, અથાણાના મશાલા, ચૂર્ણો, સરબત વગેરે અનેક વસ્તુઓ તૈયાર થાય છે.

—સીલાઇ વિભાગમાં સ્ત્રી-પુરુષોને મનપસંદ કપડાં સીવી આપવામાં આવે છે.

—ઉપરાંત ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, કોરસપોન્ડન્સ, એકાઉન્ટસી તથા પાકા નામાનાં વર્ગો ચાલે છે.

**એટલે આ ઉદ્યોગમંદિર**

આપની અનેકવિધ ઘરગથ્થુ વસ્તુઓની જરૂરીઆતો પૂરી પાડી શકે તેમ છે.

૧૦૯-૧૧૭, સી. પી. ટેન્ક રોડ, માધવબાગ પાસે,

**મુંબઈ. નં. ૪**

પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી તથા
પ. પૂ. સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી યશોવિજયજી
મહારાજની પ્રેરણાથી તૈયાર થયેલી

# ધર્મબોધ ગ્રંથમાળા

લેખક :–સા. વા. શ. પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

આ ગ્રંથમાં કુલ ૨૦ પુસ્તકો પ્રકટ થયેલાં, તેમાંથી હાલ નીચેનાં ૧૫ પુસ્તકો મળી શકે છે. દરેક પુસ્તક સ્વતંત્ર વાંચી શકાય એવું છે તથા પ્રભાવનામાં વહેંચવા લાયક છે.

| | | |
|---|---|---|
| ૧ ત્રણ મહાન તકો | ૬ ધર્મામૃત | ૧૬ મનનું મારણ |
| ૨ સફળતાની સીડી | ૭ શ્રદ્ધા અને શક્તિ | ૧૭ પ્રાર્થના અને પૂજા |
| ૩ સાચું અને ખોટું | ૮ જ્ઞાનોપાસના | ૧૮ ભક્ષ્યાભક્ષ્ય |
| ૪ આદર્શ દેવ | ૯ ચારિત્રવિચાર | ૧૯ જીવનવ્યવહાર |
| ૫ ગુરુદર્શન | ૧૦ શીલ અને સૌભાગ્ય | ૨૦ દિનચર્યા |

ત્રીજા પુસ્તકની કિં. ૭૫ નયા પૈસા. બાકીના દરેકની કિં. ૬૨ નયા પૈસા. ૧૫ પુસ્તકો સાથે લેનાર માટે કિં. ૯–૫૦ પોસ્ટેજ અલગ.

## જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ

લે. પ્રો. હીરાલાલ રસીકલાલ કાપડિયા એમ. એ.

**ભાગ પહેલો, ફોર્મ ૩૫, કિં. રૂ. ૬–૦૦ પો. અલગ.**

આ ભાગમાં વ્યાકરણ, સાહિત્ય, છંદ વગેરે સાર્વજનિક સાહિત્ય ઉપર જૈનાચાર્યોએ સંસ્કૃત ભાષામાં લખેલા ગ્રંથોનો ઉપયોગી પરિચય આપ્યો છે. દરેક પુસ્તકાલયે ખાસ રાખવા લાયક છે.

પ્રાપ્તિસ્થાન :–**શ્રી મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાળા.**

ઠે. લાલચંદ નંદલાલ શાહ, રાવપુરા, ઘીકાંટા, **વડોદરા.**

તથા જૈન બુકસેલરો.

ચારિત્ર એ નશીબનો ખેલ નથી કે મહેરબાનીની ભેટ નથી, પણ પ્રબળ પુરુષાર્થનું પ્રશસ્ત પરિણામ છે, એટલે દરેક મુમુક્ષુએ તેને માટે પ્રબલ પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે. તે માટે જૈન મહર્ષિઓએ પુરુષાર્થનાં જે પાંચ પગથિયાં બતાવ્યાં છે, તે આપણે બરાબર લક્ષમાં લેવા જેવાં છે.

(૧) **ઉત્થાન** એટલે આળસ મરડીને ઊભા થવું, જડતા છોડીને જાગૃત થવું.

(૨) **કર્મ** એટલે નિશ્ચયપૂર્વક કામે લાગી જવું, ઉદ્યમ કરવા મચી પડવું.

(૩) **બલ** એટલે સ્વીકૃત કાર્યમાં કાયા, વાણી અને મનમાં બલનો બને તેટલો વિશેષ પ્રયોગ કરવો.

(૪) **વીર્ય** એટલે સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉલ્લાસ રાખવો કે ઉમંગ ધરાવવો.

(૫) **પરાક્રમ** એટલે અંતરાયો કે મુશ્કેલીઓ સામે ધૈર્યપૂર્વક ઝઝુમવું.

જેઓ આ પાંચ પગથિયાનું આલંબન લે છે, તે સ્વીકૃત કાર્ય ગમે તેવું કઠિન હોય, તો પણ તેની સિદ્ધિ કરે છે અને સફળતાને વરે છે.

સમ્યગ્દર્શન એ આંતરિક અભિરુચિ છે, સમ્યગ્જ્ઞાન એ સાચી માહિતી છે અને સમ્યક્ચારિત્ર એ સાચી દિશામાં થતો પુરુષાર્થ છે, એટલે તેના વડે પરમપદની પ્રાપ્તિ અવશ્ય કરી શકાય, એમાં કોઈ શંકા નથી.

## ૧૨–અનેક સાધનો

આ સિવાય બીજી રીતે પણ સાધનની ગણના થઈ શકે છે, એટલે પરમપદની પ્રાપ્તિનાં સાધનો અનેક છે, એમ કહેવું ખોટું નથી. વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થાધિગમસૂત્રની સંબંધકારિકામાં જણાવ્યું છે કે–

**एकमपि जिनवचनं यस्मान्निर्वाहकं पदं भवति ।**
**श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥**

'એક જ જિનવચન ભવસાગરને તારનારું થાય છે, જેથી સામાયિક પદ માત્રથી અનંત આત્માઓ સિદ્ધ થયેલા સંભળાય છે.'

તાત્પર્ય કે જ્ઞાની પુરુષોએ અધિકાર ભેદથી વિવિધ સાધનોની પ્રરૂપણા કરેલી છે, તેમાંથી કોઈપણ સાધનને પૂરેપૂરું અનુસરવાથી મનુષ્ય પરમપદની પ્રાપ્તિ કરી શકે છે.

**इति शम् ।**

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budbisurma" Bombay

## અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને
## * સમયસરની સૂચના *

**જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી**

**મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ**

# દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

## –: નકલી સુરમાઓથી સાવધાન રહો :–

**— સમયસરની ચેતવણી —**

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઈ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઇ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડોકટરની મફત સલાહ મેળવો.

**સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧**

–: અમારૂં એક જ ઠેકાણું :–

**જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા**

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫–૦૦. બહારગામ માટે રૂા. ૬–૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

### પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★

લધાભાઇ ગુણપંત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ–૯

ધી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.